# 'મને સાંભરે રે'

વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલય-કડી

## વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલય

# 'મને સાંભરે રે'

અમ બેન બંધુને હૈયે,
વિદ્યાલય ગુંજે પ્રાણે,
અમ જીવન જીવન એ વ્યાપે,
અમ ભાઇ ભાઇને એક મને એ
સ્નેહસૂત્રથી બાંધે........પ્રિય

સ્વ. ઉમેદભાઇ

# નિવેદન

**વિદ્યાર્થી** મકાન યોજના ફંડ નામની યોજના ઘણા સમય પહેલાં શરૂ કરેલી. તેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો પાસેથી રૂા. ૧૧૧) મેળવીને રૂા. ૧૦૦) મકાન ફંડ ખાતે અને રૂા. ૧૧) એક પરિચય આલ્બમ પ્રસિદ્ધ કરવાના કામે વાપરવાનું નક્કી કર્યું હતું. તે પ્રમાણે તે યોજનામાં ૧૫૩ જણના પૈસા વસુલ આવેલા- જો કે નામ ૧૮૫ જેટલાં નોંધાયાં હતાં.

મકાન ફંડના જે પૈસા આથી મળ્યા તેનો ઉપયોગ હાઈસ્કૂલના મકાન સામેના મકાનમાં જેમાં હાલ સાયન્સ કૅાલેજ બેસે છે તેમાં કરવામાં આવ્યો છે.

૪૧ જણનો જેમનો સમાવેશ આમાં થઈ શકયો નથી તેમનું પૂરવણી આલ્બમ થોડા સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઘણું જ મોડું થવા બદલ ક્ષમા યાચના.

[ ૨૯-૪-૭૦ ]

: અનુક્રમણિકા :

| ક્રમ | નામ | ગામ | ક્રમ | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ત્રિભોવનદાસ મોહનલાલ | ઊંઝા | ૧૭ | શ્રી મગનલાલ અંબાલાલ | લાંઘણજ |
| ૨ | શ્રી નરસિંહભાઈ કલ્યાણભાઈ | રણુંજ | ૧૮ | શ્રી સોમનાથભાઇ અંબાલાલ | લાંઘણજ |
| ૩ | શ્રી ધનાભાઇ હરગોવિંદદાસ | ગણેશપુરા તા. કડી | ૧૯ | શ્રી શિવલાલ ગિરધરભાઈ | ગોમતીપુર, અમદાવાદ |
| ૪ | શ્રી છગનલાલ કાળીદાસ પટેલ | મોખાસણ તા. કલોલ | ૨૦ | શ્રી તનસુખભાઇ પુરુષોત્તમદાસ વકીલ | કડી |
| ૫ | શ્રી સવિતાબેન શંકરલાલ પટેલ | અમદાવાદ | ૨૧ | શ્રી મનુભાઇ અંબારામદાસ | કાંઝ |
| ૬ | શ્રી કલ્યાણભાઇ ગોપાળદાસ પટેલ | લણવા | ૨૨ | શ્રી ગણેશભાઇ શિવરામદાસ | મગેટ |
| ૭ | શ્રી પુરુષોત્તમદાસ પ્રભુદાસ પટેલ | ગોરાદ | ૨૩ | શ્રી માધવલાલ પ્રભુદાસ પટેલ | મેર્ડા-આદરજ |
| ૮ | શ્રી ચેલદાસ જેઠીદાસ પટેલ | ગોરાદ | ૨૪ | શ્રી છોટાલાલ મગનલાલ | કડી |
| ૯ | શ્રી પદ્મકાન્ત રતિલાલ દેસાઈ | અમદાવાદ | ૨૫ | શ્રી બાબુલાલ પુરુષોત્તમદાસ | મહેસાણા |
| ૧૦ | શ્રી છગનલાલ રામદાસ પટેલ | કડી | ૨૬ | શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ | બલોલ |
| ૧૧ | શ્રી પ્રહલાદભાઇ વિસદાસ પટેલ | કાસવા | ૨૭ | શ્રી જયંતીલાલ જેઠાલાલ પટેલ | સરઢવ |
| ૧૨ | શ્રી પુરુષોત્તમદાસ અંબારામ પટેલ | ઉમતા | ૨૮ | શ્રી ધીરજલાલ છોટાલાલ દેસાઇ | પાટડી |
| ૧૩ | શ્રી ખેડાભાઇ શિવરામદાસ | મણિયારી | ૨૯ | શ્રી રણજીતભાઇ એમ પટેલ | ડભોડા |
| ૧૪ | શ્રી શંકરલાલ રણછોડદાસ | મેર્ડા-આદરજ | ૩૦ | શ્રી કાન્તિલાલ વેણીદાસ | રાજપુર |
| ૧૫ | શ્રી રામભાઇ નારણદાસ | કરજીસણ | ૩૧ | શ્રી બાબુલાલ વેણીદાસ | રાજપુર |
| ૧૬ | શ્રી પ્રભાતકુમાર મફતલાલ દેસાઇ | પાટડી | ૩૨ | શ્રી અશ્વિનભાઇ ડી. પટેલ | લાડોલ |
| | | | ૩૩ | શ્રી ચીમનલાલ ધ. પટેલ | લાડોલ |

| ક્રમ | નામ | ગામ | ક્રમ | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૩૪ | શ્રી ચિમનલાલ પુરુષોત્તમદાસ | કલોલ | ૫૫ | શ્રી ભગુભાઇ પ્રહલાદભાઈ | બહુચરાજી |
| ૩૫ | શ્રી નારણભાઇ પ્રભુદાસ | મેડા-આદરજ | ૫૬ | શ્રી હૃષિકેશ મણીશંકર ઠાકર | કડી |
| ૩૬ | શ્રી અંબાલાલ જોઇતારામ | વીરતા | ૫૭ | શ્રી રામચંદ્ર મણીશંકર ઠાકર | કડી |
| ૩૭ | શ્રી ડૉ. નટવરલાલ પ્રભાશંકર | કડી | ૫૮ | શ્રી ગોરધનભાઇ શિવલાલ પટેલ | સરઢવ |
| ૩૮ | શ્રી કાન્તિલાલ કેશવલાલ | કડી | ૫૯ | શ્રી દેસાઇભાઇ છબીલદાસ | લાડોલ |
| ૩૯ | શ્રી મણીલાલ ડાહ્યાભાઈ | ઉનાવા-બાલવા | ૬૦ | શ્રી નથુભાઇ રામદાસ પટેલ | ગેરાદ |
| ૪૦ | શ્રી ભગવાનદાસ માધવજીદાસ | મોખાસણ | ૬૧ | શ્રી સોમાભાઇ વિરદાસ પટેલ | ડુંડાવ |
| ૪૧ | શ્રી હર્ષદ પોપટલાલ | લાંઘણજ | ૬૨ | શ્રી ભોળાભાઈ ચતુરભાઇ પટેલ | ગોઠવા |
| ૪૨ | શ્રી શંકરલાલ કાળીદાસ | વામજ | ૬૩ | શ્રી શિવાભાઇ હેમરાજભાઇ | વીરતા |
| ૪૩ | શ્રી વિઠ્ઠલભાઇ કાકુદાસ | જાસલપુર | ૬૪ | શ્રી છમનલાલ અંબાલાલ પટેલ | સિપોર |
| ૪૪ | શ્રી સોમાભાઈ મગનલાલ | બલોલ | ૬૫ | શ્રી હરગોવિંદદાસ ભાયચંદદાસ પટેલ | રણુંજ |
| ૪૫ | શ્રી પ્રેમજીભાઈ મીઠાભાઇ | અમદાવાદ | ૬૬ | શ્રી કેવળભાઇ ભાયચંદદાસ પટેલ | રણુંજ |
| ૪૬ | શ્રી માણેકલાલ મફતલાલ | કડી | ૬૭ | શ્રી ઇશ્વરભાઇ ભાવસંગદાસ | વિસલપુર |
| ૪૭ | શ્રી અંબાલાલ બાભઇદાસ | બલોલ | ૬૮ | શ્રી શિવાભાઇ ખોડીદાસ પટેલ | ડરણ |
| ૪૮ | શ્રી કેશવલાલ ભોળીદાસ | પલીયડ | ૬૯ | શ્રી અંબાલાલ બબાભાઇ પટેલ | રાયસણ |
| ૪૯ | શ્રી ઈશ્વરભાઈ મોહનલાલ | ભલગામડા | ૭૦ | શ્રી મણીલાલ ગોપાળભાઇ પટેલ | લણવા |
| ૫૦ | શ્રી ગોરધનભાઈ બહેચરભાઇ | ગણપતપુરા | ૭૧ | શ્રી ડાહ્યાભાઇ ધનજીભાઇ પટેલ | અંબાવપુરા |
| ૫૧ | શ્રી ભીખાભાઇ ગોપાળદાસ | માલોસણ | ૭૨ | શ્રી રમણલાલ ગોકળદાસ પટેલ | શેરથા |
| ૫૨ | ડૉ. પોપટલાલ રણછોડદાસ | છત્રાલ | ૭૩ | શ્રી બાબુલાલ હરગોવિંદદાસ પટેલ | ખેરપુર-વડનગર |
| ૫૩ | શ્રી ત્રિકમલાલ ભૂદરદાસ પંચાલ | લાડોલ | ૭૪ | શ્રી છોટાલાલ સોમનાથ પટેલ | મેડા-આદરજ |
| ૫૪ | શ્રી ગોપાળભાઇ ત્રિભુવનદાસ | ભટાસણ | ૭૫ | શ્રી હરગોવનભાઈ કાળીદાસ મેવાડા | દેણપ |

| ક્રમ | નામ | ગામ |
|---|---|---|
| ૭૬ | શ્રી નારાયણભાઈ સોમનાથ ગજ્જર | કડી |
| ૭૭ | શ્રી ભોળાભાઈ મોતીદાસ પટેલ | સરઢવ |
| ૭૮ | શ્રી વાડીલાલ માણેકલાલ પટેલ | વિરમગામ |
| ૭૯ | શ્રી વિઠ્ઠલભાઈ જોઈતારામ મીસ્ત્રી | લાંઘણજ |
| ૮૦ | શ્રી વિશ્રામભાઈ શંકરલાલ પટેલ | લાંઘણજ |
| ૮૧ | શ્રી મણીલાલ ધરમસીભાઈ પટેલ | ઓરીસણા |
| ૮૨ | શ્રી મણીલાલ ગણેશદાસ પટેલ | ઉમતા |
| ૮૩ | શ્રી ઉમેદભાઈ બહેચરદાસ પટેલ | સિપોર |
| ૮૪ | શ્રી સોમાભાઈ લલ્લુભાઈ પટેલ | લાંઘણજ |
| ૮૫ | શ્રી બળદેવજી નથુજી દેવડા | લાડોલ |
| ૮૬ | શ્રી ત્રિભુવનદાસ દ્વારકાદાસ પટેલ | હીરપુર |
| ૮૭ | શ્રી આત્મારામ કાનજીભાઈ પટેલ | લાડોલ |
| ૮૮ | શ્રી જીવણલાલ લલ્લુભાઈ પટેલ | લાંઘણજ |
| ૮૯ | શ્રી પ્રભુદાસ બહેચરદાસ પટેલ | લાડોલ |
| ૯૦ | શ્રી ચીમનલાલ મગનલાલ પટેલ | સરઢવ |
| ૯૧ | શ્રી ચીમનલાલ પ્રહલાદજી પટેલ | ગોઝારિયા |
| ૯૨ | શ્રી વિઠ્ઠલભાઈ ખોડીદાસ પટેલ | શેલાવી |
| ૯૩ | શ્રી બાબુભાઈ મણીલાલ પટેલ | કેરાળા |
| ૯૪ | શ્રી વાસુદેવ જેઠાલાલ પટેલ | સરઢવ |
| ૯૫ | શ્રી કાળીદાસ ઝીણાભાઈ | વામજ |
| ૯૬ | શ્રી જયંતિલાલ ભાઈલાલભાઈ | સમી |
| ૯૭ | શ્રી નરોત્તમદાસ કચરાભાઈ | પ્રતાપગઢ |
| ૯૮ | શ્રી રામભાઈ ગુલાબદાસ પટેલ | કડી |
| ૯૯ | શ્રી નરોત્તમભાઈ મોહનલાલ પટેલ | સિપોર |
| ૧૦૦ | શ્રી અશ્વિનભાઈ નીકુળભાઈ શુક્લ | કડી |
| ૧૦૧ | શ્રી રસિકલાલ વિઠ્ઠલદાસ ગામી | પાટણ |
| ૧૦૨ | શ્રી અંબાલાલ સોમનાથ પટેલ | વામજ |
| ૧૦૩ | શ્રી પુંજાલાલ અંબાલાલ શાહ | બારિયા |
| ૧૦૪ | શ્રી ગાંડાલાલ ઈશ્વરલાલ પટેલ | કસલપુર |
| ૧૦૫ | શ્રી લાલજીભાઈ એમ. સુથાર | સરઢવ |
| ૧૦૬ | શ્રી અરવિંદકુમાર સોમચંદ પટેલ | રાજપુર |
| ૧૦૭ | શ્રીમતી સરલાબેન રાવજીભાઈ અમીન | અસલાલી |
| ૧૦૮ | શ્રી નવનીત માણેકલાલ | કડી |
| ૧૦૯ | શ્રી જોઈતારામ કિશોરદાસ | ખાવડ |
| ૧૧૦ | શ્રી સોમાભાઈ નરોત્તમદાસ પટેલ | કંથરાવી |
| ૧૧૧ | શ્રી અંબાલાલ સોમાભાઈ પટેલ | રૂપાલ |
| ૧૧૨ | શ્રી ભૂધરભાઈ એસ. પટેલ | કડી |

## આ આલ્બમમાં જેમનો સમાવેશ કરી શકાયો નથી તેવા ભાઈઓની યાદી

| ક્રમ | નામ | ગામ | ક્રમ | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી શંકરલાલ મોહનલાલ ગુરુ | ઊંઝા | ૧૫ | શ્રી નટવરલાલ મગનલાલ | કડી |
| ૨ | શ્રી નાથાલાલ ઉજમદાસ | અમદાવાદ | ૧૬ | શ્રી રતિલાલ મગનલાલ | કડી |
| ૩ | શ્રી ગોપાળભાઈ ગુલાબદાસ | મુંબાઈ | ૧૭ | શ્રી મથુરભાઈ ઈશ્વરભાઈ | પલીયડ |
| ૪ | શ્રી ગિરધરલાલ ગોકળદાસ | શેરથા | ૧૮ | શ્રી ભક્તિભાઈ કેશવલાલ | કરજીસણ |
| ૫ | શ્રી માધવલાલ અમીચંદદાસ | બલોલ | ૧૯ | શ્રી કાન્તિલાલ મોહનલાલ હરિભાઈ | ઊંઝા |
| ૬ | શ્રી કાનજીભાઈ ડુંગરદાસ | તુંડાવ | ૨૦ | શ્રી જગજીવનભાઈ રામદાસ | સરઢવ |
| ૭ | શ્રી મણીલાલ હરિભાઈ કેરાળા (બાવળા) | [illegible] | ૨૧ | શ્રી બાબુલાલ મગનલાલ | ચાણસ્મા |
| ૮ | શ્રી ત્રિભુવનદાસ અંબારામદાસ | શેરથા | ૨૨ | શ્રી મોહનલાલ કેસુરભાઈ | ગણપતપુરા |
| ૯ | શ્રી ઈશ્વરભાઈ કુબેરદાસ | લવારપુર | ૨૩ | શ્રી શાન્તિલાલ શિવાભાઈ | મુંબાઈ |
| ૧૦ | શ્રી વીરચંદભાઈ ઈશ્વરદાસ | ચાણસ્મા | ૨૪ | શ્રી બહેચરભાઈ મથુરભાઈ | તરસાલી |
| ૧૧ | શ્રી ચુનીલાલ કાનજીભાઈ | ઉનાવા | ૨૫ | શ્રી જયંતીલાલ ગોવિંદલાલ | પ્રાંતીજ |
| ૧૨ | શ્રી રતિલાલ આતમારામદાસ | છત્રાલ | ૨૬ | શ્રી અમૃતલાલ હરજીવનદાસ | ખારાઘોડા |
| ૧૩ | શ્રી ડાહ્યાભાઈ રણછોડદાસ | શેરથા | ૨૭ | શ્રી રામાભાઈ મફતલાલ | કડી |
| ૧૪ | શ્રી નટવરલાલ સી. પટેલ | અમદાવાદ | ૨૮ | શ્રી જમનાદાસ હીમાભાઈ | ઓડ |

| ક્રમ | નામ | ગામ | ક્રમ | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૨૯ | શ્રી છગનભાઇ હરિદાસ | દાંતકોડી | ૩૫ | શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ | કડી |
| ૩૦ | શ્રી નટવરલાલ ડુંગરદાસ | લાડોલ | ૩૬ | શ્રી પીતાંબરભાઈ નરસિંહદાસ | સેલાવી |
| ૩૧ | શ્રી શાન્તિકુમાર લક્ષ્મીચંદ | લાડોલ | ૩૭ | શ્રી ઇન્દુમતીબેન લક્ષ્મીપ્રસાદ | અમદાવાદ |
| ૩૨ | શ્રી સગુણાબેન મોહનલાલ | ગણપતપુરા | ૩૮ | શ્રી બાબુલાલ ચિમનલાલ ગજ્જર | પેથાપુર |
| ૩૩ | શ્રી કાન્તિલાલ ચકુલાલ | સમૌ | ૩૯ | શ્રી કાન્તિલાલ પ્રહ્લાદજી | કડી |
| ૩૪ | શ્રી મણીલાલ રાયચંદદાસ | ઉમતા | ૪૦ | શ્રી મહમદસીદીક કાદરભાઇ ( મીઠાવાલા ) | કડી |
| | | ——— | ૪૧ | શ્રી નારણભાઇ હરગોવિંદદાસ | મેર્ડાઆદ્રજ |

**ક્ષમાયાચના સાથે :–** આ કામ ઘણું જ લંબાયાથી અને વારંવાર ખોચંડે પડી જવાથી ટૂકડે ટૂકડે કરવાનું થવાથી કામ સંપૂર્ણ થઇ શકયું નથી. તેમ જ આ યાદીમાંના શરૂના દશીક ભાઇઓએ માહિતી તથા ફોટા મોકલી આપવાનું જણાયું છે પણ તે હાથવગું રહ્યું નહિ હોવાથી તેનો સમાવેશ આ આલ્બમમાં થઇ શકયો નથી. બાકીના ભાઈઓએ માત્ર પૈસા મોકલી આપ્યા છે અને માહિતી તથા ફોટા મોકલી આપેલ નહિ હોવાથી તેમનો પણ સમાવેશ આ આલ્બમમાં થઈ શકયો નથી. ( ૨૯–૪–૭૦ )

સુંદર સર્વ વિદ્યાલય રાજે!
શિશુ અંતર જનની-દર્શનથી
સુખભરતી ગાજે........સુંદર

—અનામી

## ૧ શ્રી. ત્રિભોવનદાસ મોહનલાલ પટેલ

જન્મ તારીખ :- ૨૦-૧૦-૧૯૨૧

વતન :— **ઉનાવા;** તા. **સિદ્ધપુર**

તેઓશ્રીએ સને ૧૯૩૯ થી ૧૯૪૨ સુધી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. તેમણે મેટ્રીકની પરીક્ષા પાસ કરી છે. શરૂઆતથી જ તેમને વ્યાયામમાં રસ હતો.

ઊંઝાની 'મોહનલાલ હરગોવનદાસ' નામની પ્રતિષ્ઠિત પેઢીના તેઓ ભાગીદાર છે. અને મૅનેજર તરીકે પેઢીનું સંચાલન કરે છે. આ પેઢીની બીજી બે શાખાઓ આગ્રા, ભરથના અને હાપૂડમાં છે. હાપૂડની દુકાન તેમના નામથી ચાલે છે.

તેઓએ ઊંઝા અને ઉનાવાની આજુબાજુની સંસ્થાઓને સારી એવી આર્થિક મદદ કરેલી છે. સમાજસેવા માટેના તેમના હૈયે અનેક કોડ વસેલા છે.

હાલ તેઓ મહેસાણા જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ છે. હાલમાં ઊંઝા કન્યા કેળવણી મંડળના મંત્રી તરીકે કાર્ય કરે છે. અને એક ઉત્તમ પ્રકારના સક્રિય કાર્યકર છે.

ઠે: મોહનલાલ હરગોવિંદદાસ
ઊંઝા માર્કેટ યાર્ડ
**ઊંઝા**

## ૨ શ્રી. નરસિંહભાઈ કલ્યાણદાસ પટેલ

બી. ઈ. (મિકે. ઍન્ડ ઈલે.) મુંબઈ યુનિ.
બી. ઈ. (મિકે. ઍન્ડ ઈલે.) પૂના યુનિ.
બી. ઍસસી. (ઍન્જી.) લંડન.

જન્મ તારીખ :- ૫-૩-૧૯૨૬

વતન :— **રણુંજ;** તા. **પાટણ**

તેઓશ્રીએ સને ૧૯૩૮ થી ૧૯૪૨ સુધી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરેલો છે. મેટ્રીકમાં આણંદ કેન્દ્રમાં પ્રથમ આવ્યા હતા અને સ્વામીનારાયણ ચંદ્રક મેળવ્યો હતો. તેઓશ્રી બી. ઈ. (મિકે. ઍન્ડ ઈલે.) મુંબઈ યુનિ; બી. ઈ. (મિકે. અને ઈલે.) પૂના યુનિ., બી. ઍસ. સી. (ઍન્જી.) લંડનની ઉચ્ચ ડીગ્રી ધરાવે છે. તેમણે આ બધી ડીગ્રીઓ પ્રથમ વર્ગ ડીસ્ટીંકશન સાથે મેળવેલી છે. વિદેશમાં પણ અભ્યાસક્ષેત્રે અગ્રિમ રહેલા છે. લંડન યુનિ. ના બાહ્ય અભ્યાસક્રમાં પણ તેઓ પ્રથમ વર્ગમાં આવેલા છે.

સને ૧૯૪૯ થી તેમણે ગ્રીવ્ઝ કૅાટનની કં. ફાર્બસ સ્ટ્રીટ—મુંબઈ ૧ માં આસિસ્ટન્ટ ઍન્જીનિયર યાને ઍકઝીક્યુટિવ ઑફીસર તરીકે નોકરીની શરૂઆત કરી. ૧૯૫૧ થી ૧૯૫૩ સુધી કંપની તરફથી ઈંગ્લૅન્ડ જઈ બહોળો અનુભવ પ્રાપ્ત કરી આવ્યા. તેઓ ડિઝાઈન, એસ્ટીમેટ, કન્સલ્ટીંગ, ટૅન્ડર, સૅલ્સ અને મશિનરી અંગેના ખાસ નિષ્ણાત છે.

તેમને સામાજિક કાર્યોમાં ઊંડો રસ છે. તેમણે 'કિરણ' માસિકના સંપાદક તરીકે પણ કામ કરેલું છે.

ફ્લેટ ૧૨૦, બીલ્ડીંગ ૮, ગવર્નમેન્ટ હાઉસીંગ કૉલોની,
બેંગાલ કૅમીકલની બાજુમાં, વરલી, **મુંબઈ-૧૮**

મ્યાસ
રાયણ
યુનિ;
ડનની
સાથે
ા. ના

૧ માં
આત
ભવ
ૉલ્સ

ાદક



શ્રી ત્રિભોવનદાસ મોહનલાલ પટેલ
ઉનાવા

[ ૧ ]



શ્રી નરસિંહભાઈ કલ્યાણદાસ પટેલ
રણુંજ

[ ૨ ]



શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ
ગણેશપુરા

[ ૩ ]



શ્રી છગનલાલ કાળીદાસ પટેલ
મોખાસણ

[ ૪ ]

## ૩ શ્રી. ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ

( ઍલ. ઍલ. બી. કોવિદ )

જન્મ તારીખ :- **સંવત ૧૯૬૭, આસો સુદ ૧૩**

વતન :— **ગણેશપુરા;** તા. **કડી**

તેઓશ્રીએ સને ૧૯૩૩થી ૧૯૪૦ સુધી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરેલો છે. તેઓ ઍલ. ઍલ. બી. અને કોવિદ ની ડીગ્રી ધરાવે છે.

તેમણે ૧૯૪૨ ની ચળવળમાં ભાગ લીધેલો છે. સને ૧૯૪૮માં કડી તાલુકા કૉંગ્રેસના મન્ત્રી તરીકે ચૂંટાયેલા અને તેજ વરસે મહાલ સમિતિમાં પણ લેવાયેલા. કડીની સુધરાઈમાં સરકાર તરફે સભ્ય તરીકે કામ કરેલું છે. તાલુકા કૉંગ્રેસના ડેલીગેટ તરીકે તેમણે કૉંગ્રેસ અધિવેશનોમાં હાજરી આપેલી છે. તેઓ સન ૧૯૪૯—૫૦ના વર્ષ માટે ખેડૂત મંડળના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. ખેડૂતોનું સંઘબળ વધારવાની પ્રવૃત્તિમાં તેમણે સારો ફાળો આપેલો છે. મહેસાણા જિલ્લા સ્કૂલ બૉર્ડમાં સભ્ય તરીકે ચુંટાયા હતા અને સારી કામગીરી બજાવેલી. સને ૧૯૪૭થી તેઓ કડીમાં સ્વતંત્રપણે વકીલાતનો ધંધો કરે છે.

તેઓ હાલમાં કડવા પાટીદાર કેળવણી મંડળ—કડીના મંત્રી તરીકે કામ કરે છે. તેઓ મહેસાણા જીલ્લા સ્વતંત્ર પક્ષના પ્રમુખ તરીકે કાર્ય કરી રહ્યા છે. પટેલ ભવન—કડી, ક. પા. આશ્રમ—કડી અને સર્વ વિદ્યાલય—કડી વગેરે સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે.

ઠે. સ્વામીનારાયણના મંદિરની બાજુમાં,
મણિપુર, **કડી**

## ૪ શ્રી. છગનલાલ કાળીદાસ પટેલ

બી. એ. ઍલ. ઍલ. બી.

જન્મ તારીખ :- ૨૪-૧૧-૧૯૨૧ અવસાન ૭-૨-૮૯

વતન :— **મોખાસણ;** તા. **કલોલ**

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૮ થી ૧૯૪૦

સને ૧૯૪૦માં મેટ્રીક પાસ કરી તેઓશ્રી અમદાવાદની ઍલ. ડી. આર્ટસ કૉલેજમાં દાખલ થયા અને બી. એ. ની પરીક્ષા પાસ કરી. પછી સર ઍલ. એ. લૉ કૉલેજમાંથી ઍલ-ઍલ. બી. ની પરીક્ષા પાસ કરી. અભ્યાસ પૂરો કર્યા પછી બે વર્ષ સુધી વડોદરા રાજ્યના મુલકી ખાતામાં નોકરી કરી. સને ૧૯૫૨ થી ૧૯૫૪ સુધી ઋણરાહત મદદનીશ વકીલ તરીકે કલોલ—કડી કોર્ટમાં કામ કર્યું. તા. ૧—૯—૫૪થી કલોલમાં સ્વતંત્ર રીતે વકીલાતનો ધંધો કરે છે.

તેઓશ્રી કલોલ તાલુકા રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળ, કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ સાર્વજનિક પુસ્તકાલય, કલોલ તા. વ્યાયામ મંડળ અને કલોલ તા. વિકાસ મંડળની પ્રવૃત્તિઓમાં સારો રસ લે છે. તેઓ કલોલ તાલુકા ખેડૂત મંડળના ઉપપ્રમુખ છે. ક. પા. કે. મંડળ—કડીના મંત્રી તરીકે કામ કરે છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સભ્ય છે. સાર્વજનીક વિદ્યાલય—મોખાસણના મંત્રી છે.

ટાવર પાસે,
જયહિન્દ પ્રીન્ટીંગ પ્રેસના મેઢા ઉપર,
**કલોલ**

૪, સોમનાથનગર કો-ઓ. હાઉસીંગ
સોસાયટી, નારણપુરા રોડ, વાડજ;
**અમદાવાદ**

## ૫ શ્રીમતી સવિતાબેન શંકરલાલ

કેતન સોસાયટી—અમદાવાદ

આપણા આગેવાન શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલનાં પુત્રી થાય. તેમના પતિ શ્રી શંકરલાલ નારણદાસ પટેલ વડોદરા, મુંબાઇ અને અમદાવાદ હાઇ-કોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી હતા. તેઓની નિમણૂક ગુજરાત હાઇકોર્ટમાં જજ તરીકે કરવામાં આવી છે.

તેઓ આ સંસ્થા પ્રત્યે કૌટુમ્બિક ભાવના રાખે છે. સંસ્થાના નાના મોટા કામમાં અંગત રીતે પણ પ્રેમપૂર્વક મદદ કરે છે.

કેતન સોસાયટી,
સરદાર પટેલ કૉલોની પાસે
અમદાવાદ

## ૬ શ્રી કલ્યાણભાઈ ગોપાળદાસ પટેલ

બી. એ. બી. એડ.

વતન લણવા * તા. ચાણસ્મા

બી. એ. થયા પછી આ સંસ્થા સંચાલિત શેઠ જી. સી. હાઈસ્કૂલ-પિલવાઈમાં આચાર્ય તરીકે જોડાયા. ત્યાંથી કડીમાં મુખ્ય ગૃહપતિ અને ઊચ્ચ વર્ગોના અધ્યાપક તરીકે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ કડીમાં કામ કર્યું. વડનગરની નવીન સર્વ વિદ્યાલયને હાઈસ્કૂલ બનાવવાનું થતાં તેમની નિમણૂંક ત્યાં આચાર્ય તરીકે કરવામાં આવી. તે શાળાને સ્થિર કરી વિકસાવી. ત્યાંથી તેઓ વીસનગર નૂતન સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે જોડાયા. તેઓ વિદ્યાર્થી, સહકાર્યકરો તથા સંચાલક મંડળને સંતોષ આપીને વિકાસલક્ષી કામ કરે છે. તેઓને શિક્ષકોને આપવામાં આવતો રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તેઓ હાલ જીલ્લાની મોટામાં મોટી હાઈસ્કૂલ નૂતન સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે કામ કરી રહ્યા છે.

નૂતન સર્વ વિદ્યાલય,
વીસનગર : (ઉ. ગુ.)

ાઈસ્કૂલ-
ને ઊચ્ચ
ી નવીન
ર્ તરીકે
ર નૂતન
રો તથા
શિક્ષકોને
મો હાલ
ર્ તરીકે



શ્રીમતી સવિતાબેન શંકરલાલ પટેલ
અમદાવાદ



શ્રી કલ્યાણભાઈ ગોપાળભાઈ પટેલ
લણવા



શ્રી પુરુષોત્તમદાસ પ્રભુદાસ પટેલ
ગોરાદ

[ ૭ ]



શ્રી મુળજીભાઈ (ઉર્ફે ચેલાભાઈ)
જેઠાલાલ પટેલ
ગોરાદ

[ ૮ ]

## ૭ શ્રી. પુરુષોત્તમ પ્રભુદાસ પટેલ

જન્મ તારીખ :- ૩૨-૭-૧૯૨૮

વતન :— **ગોરાદ;** તા. **ચાણસ્મા.** હાલમાં :— **મહેસાણા.**

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૯ થી ૧૯૪૬ સુધી.

તેઓશ્રીએ સીનીયર બી. એ. માંથી અભ્યાસ છોડી દીધો અને જાહેર જીવનમાં ઝંપલાવ્યું. સને ૧૯૫૨ માં કૉંગ્રેસ ટિકિટ પર મહેસાણા જિલ્લા લોકલ બોર્ડમાં ચૂંટાયા. સને ૧૯૫૪ માં ચાણસ્મા તાલુકા કૉંગ્રેસ સમિતિના ઉપ-પ્રમુખ તરીકે પણ ચૂંટાયા હતા.

હાલમાં મહેસાણા કાયમી નિવાસ. જાહેર જીવનના વિશાળ સંબંધો ધરાવે છે. મિત્રો અને સંબંધીઓને સહકાર આપવાનું ચાલુ રાખવા ઉપરાંત જાહેર જીવનનો બીજો રસ બંધ કરી ધંધાઓમાં ધ્યાન કેન્દ્રિત કરેલ છે. સને ૧૯૬૦ થી મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાઓ માટેની એમ્બેસેડર કાર, બેડફર્ડ ટ્રક અને વીલીઝ જીપની એજન્સીનું કામકાજ પટેલ ઑટોમોબાઇલ્સના નામથી કરે છે. બીજી પેઢી મેસર્સ પ્રભુદાસ કાલીદાસના નામથી કૉન્ટ્રાકટનો ધંધો કરે છે.

૧૦, કૃષ્ણ સોસાયટી,<br>જેલરોડ, **મહેસાણા**

## ૮ શ્રી. મૂળજીભાઈ જેઠાલાલ પટેલ

જન્મ દિન :- સંવત ૧૯૭૬, ભાદરવા વદ ૮

વતન :— **ગોરાદ;** તા. **ચાણસ્મા**

આ સંસ્થામાં અભ્યાસ :— સંવત ૧૯૮૯ થી ૧૯૯૦ સુધી.

તેઓશ્રી કેળવણી વિષયક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે. શ્રી ગોરાદ જૂથ કેળવણી મંડળ સંચાલિત ઈંગ્લીશ સ્કૂલની કારોબારીના સભ્ય તેમજ ખજાનચી છે.

હાલમાં અનાજ, કઠોળ, તેલીબિયાં અને કાપડની પટેલ ચેલાભાઈ જેઠાભાઈના નામની ગોરાદની પેઢીના ભાગીદાર છે.

**ગોરાદ**<br>તા. ચાણસ્મા

## ૯ શ્રી. પદ્મકાન્ત ઉર્ફે નાનુભાઈ રતિલાલ દેસાઈ

જન્મ તારીખ :- ૨૬-૯-૧૯૨૦

વતન :— **પાટડી** : જીલ્લો : સુરેન્દ્રનગર

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૦થી ૧૯૩૮

આ સંસ્થામાંથી ૧૯૩૮માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી અને વધુ અભ્યાસ માટે વડોદરા કૉલેજમાં જોડાયા. ૧૯૪૦માં કૉલેજ છોડી. તેમણે ઑઈલ પેઈન્ટ્સ ડીલર્સને ત્યાં અને મીલમાં કારકુન તરીકે તેમજ મ્યુનિસિપલ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કરી હતી. સને ૧૯૪૨માં રાજકીય આંદોલનમાં ઝંપલાવ્યું. તેમાં દોઢ-બે વર્ષ ગાળ્યાં. ત્યાર બાદ મીલ જીન સ્ટોર અને મસ્કતી માર્કેટમાં નોકરી કરી. છેલ્લે બૉમ્બે મ્યુચ્યુઅલ ઈન્સ્યુરન્સ કંપનીમાં નોકરી કરી. સને ૧૯૪૫માં ઈન્સ્યુરન્સના કામકાજ માટે સ્વતંત્ર ઑફીસ શરૂ કરી. હાલમાં પદ્મકાન્ત આર. દેસાઈના નામની વીમાના કામકાજ માટેની ઑફીસ ચલાવી રહ્યા છે.

સને ૧૯૪૭થી કૉંગ્રેસના સક્રિય કાર્યકર તરીકે કામ કરે છે.

ઠે. ૧૭, અલકાપુરી, વિદ્યાપીઠની બાજુમાં, ઉસ્માનપુરા,

**અમદાવાદ**

## ૧૦ શ્રી. છગનલાલ રામદાસ પટેલ

(બી. એ. એલ એલ. બી.) વકીલ

જન્મ તારીખ :- ૩-૧૨-૧૯૧૨ જન્મ સ્થળ :— **લક્ષ્મણપુરા** : તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— સન ૧૯૨૪થી ૧૯૨૬ સુધી.

સને ૧૯૩૬થી કડીમાં વકીલાત કરે છે. સંસ્થામાં રાષ્ટ્રીય ભાવનાની પ્રેરણા લીધી. સ્વપ્રયત્નથી કેળવણી લીધી.

સન ૧૯૩૦માં સત્યાગ્રહની લડતમાં ભાગ લેવા ગુજરાત કોલેજ છોડી દીધી. ભારતભરના કાર્યકરો સાથે ગુજરાત વિદ્યાપીઠમાં સત્યાગ્રહ લડતની ટ્રેઈનીંગ લીધી. પછી ભરૂચ જીલ્લામાં સત્યાગ્રહની લડત ચલાવવા મોકલેલ. મીઠાની લડતમાં દંતરાઈ છાવણીના કેપ્ટન તરીકે કામગીરી આપી. જંબુસર તાલુકામાં નાકરની લડત શરૂ કરી. ભરૂચ જીલ્લાની જેલો ભોગવી. ગાંધી-ઈરવીન કરારથી સાબરમતી જેલમાંથી મુકત થયા.

મહેસાણા જીલ્લામાં ૧૯૩૬થી પ્રજામંડળની પ્રવૃત્તિ શરૂ કરી. પ્રજામંડળની પ્રવૃત્તિઓના પ્રાણરૂપ હતા. દુષ્કાળ, મેલેરિયા, અતિવૃષ્ટિ, કમીવૃષ્ટિ વગેરે પ્રસંગોમાં પ્રજામંડળના મંત્રી અને પ્રમુખ તરીકે અગ્ર ભાગ ભજવેલો.

આ રીતે ૧૯૩૦થી સ્વરાજ્ય મળ્યું ત્યાં સુધી દરેક લડતમાં ભાગ લીધો છે. સરકારે ૧૯૪૨માં પણ ધરપકડ કરેલી. કડી કોંગ્રેસના મંત્રી તથા પ્રમુખ તરીકે ૧૯૫૬ સુધી કામ કર્યું છે. મહેસાણા પ્રાંતપંચાયત અને કડી સુધરાઈના સભ્ય તરીકે ઘણાં વરસ કામ કર્યું છે. મુંબઈ રાજ્ય વખતે Regional Social Education Commitee માં ગુજરાત વિભાગના સભ્ય તરીકે કામગીરી આપી છે.

સને ૧૯૨૯માં ડરણ મુકામે કડવા પાટીદાર પરિષદમાં વિદ્યાર્થીઓનો કેસ રજુ કરી વિદ્યાર્થી ભવન—અમદાવાદ સ્થાપવામાં મહત્વનો ભાગ ભજવેલો.

સન ૧૯૩૬થી સ. વિ. કે. મંડળ તથા ક. પા. કે. ઉ. મંડળના સભ્ય અને મંત્રી તરીકે કામ કરેલું છે. હાલ પણ સ. વિ. કે. મંડળના મંત્રી તરીકે તથા સાયન્સ કોલેજ કમીટીના મંત્રી તરીકે કામ કરે છે. છેલ્લા દશ વરસથી કડી વકીલ મંડળના પ્રમુખ છે.

**કડી** (ઉ. ગુ.)

વકીલ
તા. કડી

ાવનાની

ા છોડી
લડતની
ોકલેલ.
જંબુસર
ઇરવીન

મંડળની
વગેરે

ગ લીધો
પ્રમુખ
ા સભ્ય
Edu-
ાપી છે.
ીઓનો
જવેલો.
ય અને
કે તથા
ા વકીલ



શ્રી પદ્મકાન્ત ( ઉર્ફે નાનુભાઈ )
રતિલાલ દેસાઈ
અમદાવાદ
[ ૯ ]



શ્રી છગનલાલ રામદાસ પટેલ
કડી

[૧૦]



શ્રી પ્રહ્‌લાદ વિશ્વદાસ કાસ્વાકર
કાસ્વા

[૧૧]



શ્રી પુરુષોત્તમદાસ અંબાલાલ પટેલ
ઉમતા

[૧૨]

## ૧૧ શ્રી. પ્રહ્લાદભાઈ વિશ્વદાસ કાસ્વાકર

એમ. એ., પી. ઍચ. ડી., બી. એડ., એસ. ટી. સી.,
ઍચ. એસ. એસ., વિશારદ

જન્મ તારીખ :- ૧૭-૮-૨૦

વતન :— **કાસ્વા;** તા. **કડી**

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૨ થી ૧૯૩૯ સુધી.

આ સંસ્થામાંથી ૧૯૩૯ માં મેટ્રીક પસાર કરી. સને ૧૯૪૦ થી શિક્ષણ-ક્ષેત્રમાં કામ કરવું શરૂ કર્યું. ગોઝારિયા, સાબરમતી વગેરે શાળાઓમાં કામ કર્યું. ૧૯૪૩ થી ૧૯૫૦ અને ૧૯૫૧ થી ૧૯૫૪ નાં વર્ષોમાં કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં અને કેટલોક વખત વિદ્યાર્થી આશ્રમના ગૃહપતિ તરીકે કાર્ય કર્યું. ઉનાવા (ઊંઝા), ચૌલા (સાબરકાંઠા) ની હાઈસ્કૂલોમાં આચાર્ય તરીકે કામ કર્યું. પછી કુહા (દશક્રોઈ તાલુકા) ની હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે કામ કર્યું. હાલમાં તેઓ ખાવડ (તા. કડી) ની હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે કામ કરે છે.

મેટ્રીક પાસ થયા પછી નોકરી કરતાં કરતાં તેમણે આગળ અભ્યાસ કરી ઉપરોકત ડીગ્રીઓ પ્રાપ્ત કરી છે.

તેમને શિક્ષણ ઉપરાંત ધર્મ, તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક વિષયોના સારો અભ્યાસ અને રસ છે.

**ખાવડ,**
તા. કડી

## ૧૨ શ્રી પુરુષોત્તમદાસ અંબાલાલ પટેલ

જન્મ તારીખ :- ૧-૮-૧૯૦૯

વતન :— **ઉમતા;** તા. વીસનગર જીલ્લો મહેસાણા

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૬ થી ૧૯૩૧ સુધી.

આ સંસ્થામાં તેઓશ્રીએ છ વર્ષ— ૧ થી ૬ ધોરણ સુધી અભ્યાસ કર્યો. મેટ્રીકનો અભ્યાસ અમદાવાદમાં કર્યો.

ધંધાર્થે તેઓશ્રી બરમા ગયા. ત્યાં પંદર વર્ષ સુધી શાકભાજીથી માંડીને ઝવેરાતનો ધંધો કર્યો. દેશમાં આવીને તેઓ વહેપારી ક્ષેત્રે કામ કરી રહ્યા છે. હાલ અમદાવાદમાં ગોળ, ખાંડ અને અનાજની પેઢી ભાગીદારીમાં ચલાવી રહ્યા છે.

તેઓએ અભ્યાસ દરમ્યાન સ્વાશ્રય ઘડાય તેવા ઉદ્યોગો શિવણ, સુથારી, કાંતણ, પીંજણ, છાપખાનામાં ઉત્સાહથી કામ કર્યું હતું.

૩૩૬૯, મોટા વાઘજીપુરા, દરિયાપુર,
**અમદાવાદ**

## ૧૩ શ્રી. ખેડાભાઇ શિવરામદાસ પટેલ

એમ. એ. ઍલ-ઍલ. બી. ઍડવોકેટ; કોવિદ

જન્મ તારીખ :- ૪-૪-૨૧

વતન :— **મણિયારી;** તા. **ચાણસ્મા**

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૩ થી ૧૯૩૯ સુધી.

સને ૧૯૩૯ માં મેટ્રીક પાસ થયા. આગળનો અભ્યાસ વડોદરા, અમદાવાદ અને મુંબઈની કૉલેજોમાં કર્યો. બી. એ. (ઑનર્સ) માં સંસ્કૃત ધર્મશાસ્ત્રોમાં ઊંચા નંબરે આવવાથી શ્રી. દિવેટીયા મેરીટ પ્રાઇઝ મળ્યું. ઍલ. ઍલ. બી. માં અમદાવાદ સેન્ટરમાં પ્રથમ નંબરે આવી (૧) ડૉકટર ફલટન લૉ પ્રાઇઝ (૨) દી. બ. અં. સા. દેસાઇ પ્રાઈઝ (૩) ગુજરાત લૉ સોસાયટી મેરીટ પ્રાઇઝ અને (૪) બરોડા સ્ટેટ ચીફ જસ્ટીસ પ્રાઇઝ મેળવ્યાં.

જીવનની શરૂઆત સેન્ટ્રલ એકસાઈઝ ખાતામાં. ઈન્સ્પેકટર અને ઈન્ટેલીજન્સ ઓફીસર તરીકે કામ કર્યું. વધુ વિકાસ માટે નોકરીમાંથી રાજીનામું આપી અમદાવાદમાં ૧૯૫૦ થી સ્વતંત્ર વકીલાત શરૂ કરી. રાજકારણ, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં ઊંડો રસ ધરાવે છે.

મહાગુજરાતના મુદ્દા ઉપર કાગ્રેસમાંથી છૂટા થઇ ૧૯૫૭ ની ચુંટણીમાં ચાણસ્મા તાલુકા તરફથી મુંબાઇ ધારાસભામાં ચુંટાયા. ત્યાં મહાગુજરાત જનતા પરિષદ પક્ષના નેતા તરીકે અને ધારાસભાકીય જુદી જુદી સમિતિઓમાં સારું કામ કરેલું છે. ગુજરાત રાજ્યની અલગ રચના થતાં ફરી કૉંગ્રેસમાં આવી ધારાસભાના સ્પીકરની પેનલમાં કામ કર્યું. તેઓ સર્વ વિ. કે. મં. ના મંત્રી છે. ક. પા. કે. મં. કડીના મંત્રી હતા. વ્યવસ્થાપક મંડળમાં ઘણાં વર્ષોથી છે. ક. પા. પરિષદ, ઉ. ગુ. પા. મંડળ, પાટીદાર યુવક મિલન, અમદાવાદ વિદ્યાર્થી ભવન વગેરે સંસ્થાઓની વહીવટી સમિતિઓમાં કામ કરેલું છે.

તારઘરની બાજુમાં, ભદ્ર, **અમદાવાદ**

## ૧૪ શ્રી. શંકરલાલ રણછોડલાલ પટેલ

બી. કોમ.

જન્મ તરીખ :- ૧૦-૫-૧૯૨૫

વતન :— **મેઠાં આદ્રજ;** તા. **કડી**

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૭ થી ૧૯૪૪ સુધી.

આ સંસ્થામાંથી ૧૯૪૪ માં મેટ્રીક પાસ થયા. ૧૯૪૩ માં કોવિદ થયા હતા. બી. કોમ. ની ડીગ્રી પ્રાપ્ત કરી મુંબાઈમાં ઊનનું કામકાજ કરતી એક યુરોપિયન પેઢીમાં જોડાયા. ચાર વર્ષ ઊનના કામનો અનુભવ મેળવી સને ૧૯૫૪ માં હિન્દ સરકારના ખેતીવાડી અને અનાજ ખાતામાં જોડાયા અને ગેઝેટેડ ઑફીસર બન્યા. હિન્દમાંથી પરદેશ નિકાસ થતું ઊન, બ્રીસ્ટલ અને ગોટહૅરની કવાલીટી કોન્ટ્રૉલર તરીકે કામ કર્યું. હાલ તેઓ તે જ ખાતામાં ડેપ્યુટી માર્કેટીંગ ઓફીસર તરીકે બીયાવર (અજમેર) માં કામ કરી રહ્યા છે.

ડેપ્યુટી માર્કેટીંગ ઓફીસર,<br>
૧૫, ૨૩, સીવીલ લાઇન્સ, **કાનપુર**



શ્રી ખોડાભાઈ શિવરામદાસ પટેલ
મણિયારી

[૧૩]



શ્રી શંકરલાલ રણછોડલાલ પટેલ
મેડાઆદ્રજ

[૧૪]



શ્રી રામભાઈ નારણભાઈ પટેલ
કરજીસણ

[ ૧૫ ]



શ્રી પ્રભાતકુમાર મફતલાલ દેસાઈ
પાટડી

[૧૬]

## ૧૫ શ્રી. રામભાઈ નારણભાઈ પટેલ

બી. એસ. સી.; બી. ફાર્મ; એમ. એસ. ( યુ. એસ. એ. ) ઈન આઈ. પી;
એમ. એ. સી. એસ. ( યુ. એસ. એ. ) એમ. એ; પીએચ. એ. (યુ. એસ. એ.)

જન્મ તારીખ :- ૧૦-૪-૧૯૨૬

વતન :— **કરજીસણ;** તા. કડી

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૨ થી ૧૯૪૪ સુધી.

તેઓએ બી. એસસી. બી. ફાર્મ થયા બાદ એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસીમાં ડેમોન્સ્ટ્રેટર તરીકે એક વર્ષ કામ કર્યું. સને ૧૯૫૧ માં એમ. એસ. ડીગ્રી ઈન ફાર્મસીના અભ્યાસ અર્થે અમેરિકા ગયા. તે દરમ્યાન રિસર્ચ ફેલોશીપ અને યુનાઈટેડ નેશન્સ સ્કોલરશીપ મળેલી. તેઓ Abbott Laboratories—શિકાગોમાં વિવિધ દવાઓ બનાવવામાં અનુભવ લેવા માટે જોડાયા અને પી. એચ. ડી. માટેની માસિક રૂા. ૬૦૦) ની શિષ્યવૃત્તિ સ્વીકારી નહિ. અમેરિકામાં તેમણે પબ્લીક સ્પીકર તરીકેની નામના મેળવેલી.

હાલ તેઓ એબોટ લેબોરેટરીઝ, ઈન્ડિયા લિમિટેડ—મુંબઈ—૧ માં પ્રોડક્શન મેનેજર તરીકે કામ કરે છે.

૧૮ અલ્ટામોન્ટ રોડ, કેમ્પ્સ કોર્નર,
**મુંબઇ-૨૬**

## ૧૬ શ્રી. પ્રભાતકુમાર મફતલાલ દેસાઈ

બી. એ.

જન્મ તારીખ :- ૪૪ વર્ષ

વતન :— **પાટડી** ( તા. વીરમગામ )

સને ૧૯૩૩ માં સર્વ વિદ્યાલયમાં ભણેલા. ગુજરાત કોલેજમાંથી બી. એ. થયા. સામાજિક, કેળવણી વિષયક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સારો રસ છે.

સને ૧૯૪૪ માં ક. પા. પ્રગતિ મંડળની સ્થાપના કરી અને ૧૯૪૬ માં મંત્રી તરીકે કામ કર્યું. ૧૯૪૭ માં 'ધરતી' માસિકની પ્રસિદ્ધિ શરૂ કરી અને તેના તંત્રી તરીકે કામ કર્યું. ૧૯૪૯ માં શ્રી ક. પા. પરિષદના ઊંઝા અધિવેશનના મંત્રી તરીકે, સને ૧૯૫૦—૫૯ દરબાર સુરજમલજી બોર્ડિંગના સહમંત્રી તરીકે, મંત્રી શ્રી પાટડી બંધુ સમાજ (અમદાવાદ), શ્રી ઉ. ગુ. પાટીદાર મંડળ, પાટીદાર યુવક મિલન, કડવા પાટીદાર કેળવણી સંસ્થા, ચરોતર કડવા પાટીદાર કેળવણી મંડળ, શ્રી સહાયક મંડળ (દરિયાપુર) કો-ઓ. ક્રે. એન્ડ સપ્લાય સો. લિ. જેવી સંસ્થાઓમાં પોતાની માનદ્ સેવાઓ આપેલી છે.

શ્રી દરિયાપુર સંરક્ષણ સમિતિના ઉપપ્રમુખપદે, શ્રી દરિયાપુર વેપારી મહાજનના મંત્રીપદે, શ્રી વાડીગામ સેવાસંઘના સહમંત્રીપદે, શ્રી વાડીગામ સેવાસંઘ સંચાલિત સીવણવર્ગના સંચાલક તરીકે, વાડીગામ વીર વ્યાયામ મંદિરના સંચાલક તરીકે એમ અનેકવિધ ક્ષેત્રે માનદ્ સેવાઓ આપેલી છે.

હાલમાં 'ઉમા પ્રિન્ટરી' નામનું સ્વતંત્ર પ્રેસ ચલાવી રહ્યા છે.

દરિયાપુર, ચાર રસ્તા, ઉમા પ્રિન્ટરીમાં,
**અમદાવાદ**

## ૧૭ શ્રી. મગનલાલ અંબાલાલ પટેલ

બી. એ. એલ એલ. બી.

જન્મ તારીખ :- ૨૪-૧૦-૧૯૧૪

વતન :— **લાંઘણજ,** તા. મહેસાણા

આ સંસ્થામાં માધ્યમિક ધોરણ ૪ થું પાસ કરી આગળ અભ્યાસ માટે અમદાવાદ ગયા. બી. એ. તથા એલ એલ. બી. નો અભ્યાસ અમદાવાદમાં કર્યો. સને ૧૯૪૧ થી મહેસાણામાં સ્વતંત્ર વકીલાત શરૂ કરી — હાલ ચાલુ છે.

સને ૧૯૪૧ માં પ્રજામંડળના મંત્રી બની ૧૯૪૨ ની લડતમાં જોડાઈ ભૂગર્ભ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધેલો. તાલુકા પ્રજામંડળના પ્રમુખ તરીકે પણ કામ કર્યું. વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં કૉંગ્રેસમાં પણ પ્રમુખ તરીકે કામ કર્યું. જીલ્લા ખેડૂત મંડળના પ્રમુખ તથા 'ખેડૂત' સાપ્તાહિકના તંત્રી તરીકે કામ કર્યું. ક. પા. કે. ઉ. મંડળ—કડીના વ્ય. મંડળમાં લાંબા સમયથી સભાસદ છે. ક. પા. પરિષદના મંત્રી તરીકે સામાજિક સુધારણા અને કુરૂઢિઓ સામે જેહાદ જગાવેલી અને કન્યા કેળવણીના પ્રચાર અને ફાળા માટે કામ કરેલું. કન્યા કેળવણી મંડળ—ઊંઝાના વ્યવસ્થાપક મંડળના તેઓ શરૂથી સક્રિય સભાસદ છે. મહેસાણા જીલ્લા પંચાયતના ચાલુ સભ્ય છે. મહેસાણા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ છે. મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા અને અમદાવાદ જીલ્લાના ગુજરાત સ્વતંત્ર પક્ષના ઓરગેનાઈઝર છે. અને હાલ જીલ્લા ખેડુત મંડળના પ્રમુખ તરીકે ચાલુ છે.

પિલાજીગંજ, **મહેસાણા**

## ૧૮ શ્રી. સોમનાથ અંબારામ પટેલ

જન્મ તારીખ :- ૮-૮-૧૯૧૨

વતન :— **લાંઘણજ,** તા. મહેસાણા

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૦ અને ૧૯૩૧ — બે વર્ષ સુધી.

તેઓશ્રી મેટ્રીક સુધી અભ્યાસ કરી ૧૯૩૪ માં રંગુન ગયા. ત્યાં ઝવેરાતના ધંધાથી જીવનની શરૂઆત કરી. સંવત ૧૯૯૩ માં રંગુનથી દેશમાં આવી મુંબાઈમાં તેજ ધંધામાં નોકરી કરવી ચાલુ રાખી. સં. ૧૯૯૬ માં ઝવેરાતનો ધંધો છોડી મીલ જીન સ્ટોર અને મશીનરી ટૂલ્સના ધંધામાં જોડાયા. તે ધંધાનો અનુભવ લઈ નોકરી છોડીને સંવત ૨૦૦૫ માં મીલ જીન સ્ટોર અને મશીન ટૂલ્સ તથા હાર્ડવેરનો ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો. મેસર્સ હરકીશનલાલ સોમનાથ એન્ડ કું. (એ નામે તેમની કું. જાણીતી છે.) ૪૨/એ કોલસા મહોલ્લા, મુંબઈ—૩. સને ૧૯૬૧ ની સાલમાં હરકીશનલાલ સોમનાથની કું. માંથી છૂટા થઈ પોતાનો સ્વતંત્ર ધંધો કે. સોમનાથની કું. ના નામથી શરૂ કર્યો. ત્યાર બાદ ૧૯૬૧ ની સાલમાં એક બીજો ધંધો ભાગીદારીમાં પટેલ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કર્સના નામથી શરૂ કર્યો છે.

નિરૂપમ, બીજે માળે, બ્લોક નંબર ૭
વિઠ્ઠલભાઈ રોડ, સંન્યાસ આશ્રમ પાસે, વીલેપારલા વેસ્ટ
**મુંબઈ** નં. ૫૬ A. S.



શ્રી મગનલાલ અંબારામ પટેલ
લાંઘણજ

[ ૧૭ ]



શ્રી સોમનાથ અંબારામ પટેલ
લાંઘણજ

[ ૧૮ ]



શ્રી શિવલાલ ગિરધરલાલ પટેલ
અમદાવાદ





શ્રી તનસુખભાઈ પુરુષોત્તમદાસ પટેલ
કડી

## ૧૯ શ્રી. શિવલાલ ગિરધરલાલ પટેલ

બી. ઈ. ( ઈલે. એન્ડ મિકે. ) ( પ્રથમ વર્ગ )

જન્મ તારીખ :- ૧-૧૦-૧૯૧૬

વતન :— **અમદાવાદ**

માધ્યમિક શિક્ષણની શરૂઆત તેઓશ્રીએ આ સંસ્થામાં કરેલી. આગળનો અભ્યાસ અમદાવાદમાં કર્યો. તેમણે પુના એન્જીનીયરીંગ કૉલેજમાંથી બી. ઈ. ( ઈલે. મિકે. ) ની ઉપાધિ સને ૧૯૪૦ માં પ્રથમ વર્ગ સાથે મેળવી. તેમણે અંબિકા મીલ, વિક્રમ મીલ, અમદાવાદ, સૂરત અને પુના મ્યુનિસિપાલીટીમાં અને શ્રી કસ્તુરભાઈની મીલોમાં એન્જીનીયર તરીકે કામ કરેલું છે. આકોલા ( મધ્ય પ્રદેશ ) ની મીલમાં પણ એન્જીનીયર તરીકે કામ કરેલું છે.

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ટેકનીકલ વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે તેમણે એક વર્ષ કામ કર્યું છે અને હાલ તેઓ આદિપુરમાં પોલીટેકનીકમાં પ્રાધ્યાપક તરીકે કામ કરે છે.

આદિપુર પોલીટેકનીક,

**આદિપુર,** કચ્છ

## ૨૦ શ્રી. તનસુખભાઈ પુરુષોત્તમદાસ પટેલ

એલ એલ. બી. ઍડ્વોકેટ

જન્મ તરીખ :- ૯-૪-૧૯૨૫

વતન :—**કડી,** તા. **કડી**

તેઓશ્રીએ ૧૯૩૭ થી ૧૯૪૩ સુધી સર્વ વિદ્યાલયમાં પહેલા ધોરણથી મેટ્રીક સુધી અભ્યાસ કરેલો છે. તેઓશ્રી એલ એલ. બી.; ઍડ્વોકેટની ડીગ્રી ધરાવે છે.

હાલ તેઓ મહેસાણામાં સ્વતંત્રપણે વકીલાતનો વ્યવસાય કરે છે.

પીલાજીગંજ,

**મહેસાણા**

## ૨૧ શ્રી. મનુભાઇ અંબારામદાસ પટેલ

બી. એસસી.

જન્મ તારીખ :- ૬-૧૧-૧૯૨૮

વતન :— **કાંઝ;** તા. **વીરમગામ**

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૫ થી ૧૯૪૮

આ સંસ્થામાંથી ૧૯૪૮ માં મેટ્રીક પાસ થઈને આગળનો અભ્યાસ અમદાવાદમાં કર્યો. રસાયણશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાનનો વિષય લઈને ૧૯૫૨ માં બી. એસસી. થયા. વ્યાયામમાં તેમને ઘણો રસ છે. અખિલ ભારતીય વ્યાયામ સંમેલનોમાં પણ તેમણે સારો ભાગ લીધેલો. સને ૧૯૫૨ માં ગુજરાત કૉલેજની ઍથલેટીક્સની ચૅમ્પીયનશીપ પણ મેળવેલી છે.

હાલ તેઓ કેલીકો મીલ્સ લી. ના પ્રોસેસીંગ ખાતામાં સેકશન હેડ તરીકે કામ કરે છે.

વસંત વિહાર કો-ઓ. સોસાયટી, સરદાર પટેલ નગર રોડ,
મીઠાખળી પાસે—**અમદાવાદ-૯**

## ૨૨ શ્રી ગણેશભાઈ શિવાભાઈ પટેલ

બી. એસસી. (ઍગ્રી.)

જન્મ તારીખ :- ૪-૮-૧૯૨૧

વતન :— **ગંગેટ,** તા. **ચાણસ્મા**

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૫ થી ૧૯૪૧ સુધી.

આ સંસ્થામાંથી ૧૯૪૧ માં ૭૦ ટકા માર્કસ મેળવી મેટ્રીક પાસ થયા. પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષા ગુજરાત કૉલેજ અમદાવાદમાંથી પ્રથમ વર્ગમાં બીજે નંબરે પાસ કરી અને વડોદરા રાજ્યના સ્કૉલર તરીકે પૂના—ખેતીવાડી કૉલેજમાં દાખલ થઇ બી. એસસી. (એગ્રી.) ની પરીક્ષા સને ૧૯૪૫ માં પ્રથમ વર્ગમાં ઑનર્સ અને ડીસ્ટીંકશન સાથે પસાર કરી.

૧૯૪૫ ની સાલમાં સરકારી નોકરીમાં જોડાઇ જગુદણ ખેતીવાડી ફાર્મ, કલોલ અને પાટણ વગેરે જગાએ એગ્રીકલ્ચર ઑફીસર તરીકે કામ કર્યું છે. તેમણે દાહોદ ખેતીવાડી ફાર્મ અને કૃષિવિદ્યાલયના સુપ્રિન્ટેડન્ટ તરીકે, વડોદરા મૉડલ ફાર્મ અને વિસ્તરણ તાલીમ કેન્દ્રના સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે તેમજ રાજકોટ જીલ્લા ખેતીવાડી અધિકારી અને ગુજરાત રાજ્યના તેલીબીયાં વિકાસ અધિકારી તરીકે વિવિધ ક્ષેત્રોમાં કામ કરેલું છે.

હાલમાં તેઓ ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેન્ક અમદાવાદમાં ડેપ્યુટેશન ઉપર સ્પેશીઅલ ઑફીસર તરીકે કામગીરી બજાવી રહ્યા છે.

૧૦, વિજય કૉલોની, ઉસ્માનપુરા,
**અમદાવાદ-૧૩**



શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ
કાંઝ

[ ૨૧ ]



શ્રી ગણેશભાઈ શિવાભાઈ પટેલ
ગંગેટ

[ ૨૨ ]



શ્રી માધવલાલ પ્રભુદાસ પટેલ
મેડીઆદ્રજ

[ ૨૩ ]



શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
કડી

[ ૨૪ ]

## ૨૩ શ્રી. માધવલાલ પ્રભુદાસ પટેલ

જન્મ તારીખ : ૧-૮-૧૯૧૩

વતન **મેડાઆદરજ;** તા. : કડી

સંસ્થામાં અભ્યાસ : સને ૧૯૨૬ થી ૧૯૩૨

સને ૧૯૩૪ માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. ત્યાર પછી વ્યાપારી ક્ષેત્રમાં જોડાયા. વખારીયા પ્રાણલાલ જેસંગભાઈની પેઢી અમદાવાદ, શ્રી જયન્ત ઑઈલ મીલ યાદગીરી (નિઝામસ્ટેટ) માં કૅશીયર તરીકે ૧૯૩૬ સુધી કામ કર્યું છે.

સને ૧૯૩૬ જુનથી તેઓ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, પાટીદાર આશ્રમ કડી વગેરેમાં કૅશીયર તથા હિસાબનીસ તરીકે કામ કરે છે. સને ૧૯૪૬ થી તેઓ ધી ન્યુ ઈન્ડિયા ઈન્સ્યુ. કૉર્પોરેશનના એજન્ટ તરીકે તથા ૧૯૫૬ થી લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં એજન્ટ તરીકે જીંદગીના વીમાનું સારૂ કામકાજ ફુરસદના વખતમાં સાઈડ બીઝનેસ તરીકે કરે છે.

પાટીદાર વિદ્યાર્થી આશ્રમ,
**કડી** [ઉ. ગુજરાત]

## ૨૪ શ્રી. છોટાલાલ મગનલાલ પટેલ

જન્મ : શ્રાવણ સુદ ૩ સંવત ૧૯૬૨
વતન : કડી [ઉ. ગુ.]

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૦ માં આશ્રમની શરૂઆતમાં નવ માસ રહેલા.

ધંધો : કોટન જીનીંગ પ્રેસીંગ ફેકટરીના માલીક તથા કાલાં-કપાસ-રૂના વહેપારી.

ધોરણ ૯ સુધીનો અભ્યાસ કરી કૌટુમ્બિક ધંધામાં જોડાયેલા. મુંબાઈ સ્ટેટની ફર્સ્ટ કલાસ કોમ્પીટન્સી એકઝામીનેશન (બૉઈલર એટેન્ડન્ટ) પાસ કરેલી છે.

સને ૧૯૩૦-૩૨ ના સત્યાગ્રહમાં ભાગ લીધેલો અને રચનાત્મક પ્રવૃત્તિમાં કાર્ય કરેલું. કડીમાં ખાદી ઉત્પાદન કેન્દ્ર ત્રણ વર્ષ ચલાવેલું.

અમદાવાદના સ્વામીનારાયણ મંદિરના વહીવટની સ્કીમ કમીટીમાં ચૂંટાઈ આવી પાંચ વર્ષ કામ કરેલું.

૧૯૫૬ માં મહાગુજરાતની લડતમાં ભાગ લીધો. અને કડી તાલુકામાંથી મુંબાઈની ધારાસભામાં ચૂંટાયા. મહાગુજરાત શહીદ-ખાંભી સત્યાગ્રહમાં ભાગ લઈ જેલ ભોગવી.

આ સંસ્થાની પ્રવૃત્તિઓમાં શરૂઆતથી રસ લીધેલો. ક. પા. કે. ઉ. મંડળ તથા સ. વિ. કે. મંડળમાં છેલ્લાં ૨૫ વર્ષથી મંત્રી તરીકે સેવા આપી છે. હાલ ક. પા. કે. ઉ. મંડળમાં ઉપપ્રમુખ છે.

આધ્યાત્મિક વિષયોમાં સારો રસ ધરાવે છે. સ્વામીનારાયણ સંપ્રદાયના બન્ને દેશોમાં આગળ પડતા સત્સંગી સદ્‌ગૃહસ્થ તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે. સ્વામીનારાયણ ભગવાનના વચનામૃતના સાર રૂપ પરમાત્માની શુદ્ધ ઉપાસના સમજાવતો ગ્રંથ અને તે અંગેનો ચાર્ટ (નકશો) તૈયાર કરી પ્રસિદ્ધ કર્યા છે.

સાબવાનો માઢ, મણિપુર * **કડી** [ઉ. ગુ.]

## ૨૫ શ્રી. બાબુભાઈ પુરુષોત્તમદાસ પટેલ

જન્મ તારીખ :- ૨૦-૪-૧૯૩૨

વતન :— **મહેસાણા,** તા. મહેસાણા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૫—૪૬

એફ. વાય. ની પરીક્ષા પાસ કરીને તેઓ ઈમારતી લાકડાના ધંધામાં જોડાયા છે. મહેસાણામાં એન. બાબુભાઈની કું. ના નામની ઈમારતી લાકડાના વહેપારની પેઢી ચલાવે છે.

પરામાં, લાટીમાં,

**મહેસાણા**

## ૨૬ શ્રી. હરગોવનભાઈ ધનાભાઈ પટેલ

બી. કૉમ.

જન્મ તારીખ :- ૨૨-૩-૧૯૨૧

વતન :— **બલોલ,** તા. મહેસાણા

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૪ થી ૧૯૪૦ સુધી.

તેઓએ આ સંસ્થામાંથી ૧૯૪૦ માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી. ઍડવાન્સ એકાઉન્ટીંગ અને ઑડીટીંગના વિષયો સાથે બી. કૉમ. ની ડીગ્રી મેળવી છે.

સને ૧૯૫૨ ની મુંબઇ વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં તેઓશ્રી મહેસાણા ઉત્તર-પાટણ વિભાગમાંથી કૉંગ્રેસ તરફે ધારાસભ્ય તરીકે ચુંટાયા હતા. તેઓ બલોલ કેળવણી મંડળના પ્રમુખ તરીકે હાલ સેવા આપી રહ્યા છે. બીજી સંસ્થાઓમાં પણ સેવા આપી રહ્યા છે.

શરૂઆતમાં ત્રણ વર્ષ વડોદરા રાજ્યમાં ઇન્કમટેક્ષ ખાતામાં નોકરી કરેલી. તેમાંથી રાજીનામું આપી સને ૧૯૫૦ થી મહેસાણામાં ઇન્કમટેક્સ—સેલટેક્સ પ્રેક્ટીશનર તરીકે પોતાની ઑફિસ ખોલી કામકાજ કરે છે.

પીલાજીગંજ,

**મહેસાણા**



શ્રી બાબુભાઈ પુરુષોત્તમદાસ પટેલ
મહેસાણા

[ ૨૫ ]



શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ
બલોલ

[ ૨૬ ]



શ્રી જયંતિલાલ જેઠાલાલ પટેલ
સરઢવ

[ ૨૭ ]



શ્રી ધીરજલાલ છોટાલાલ દેસાઈ
પાટડી

[ ૨૮ ]

## ૨૭ શ્રી. જયન્તીલાલ જેઠાલાલ પટેલ

જન્મ તારીખ :- ૨૭-૭-૧૯૨૩

વતન :— **સરઢવ,** તા. કલોલ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૫ માં—એક વર્ષ

સને ૧૯૪૧ માં મેટ્રીકની પરીક્ષા પાસ કરીને આત્મારામ માણેકલાલની રૂ અને શરાફની જાણીતી પેઢી—સૂરત શાખાના મેનેજર તરીકે ચાર વર્ષ કામ કર્યું. ત્યાર બાદ અમદાવાદમાં કરિયાણાની જી. એમ. ગાંધીની પેઢીમાં સાત વર્ષ ભાગીદાર તરીકે રહ્યા. સંવત ૨૦૧૦ થી તેમણે પોતાનો અમદાવાદમાં ઘણો જાણીતો 'જનતા કીરાણા સ્ટોર્સ' નામથી કરિયાણાનો ધંધો શરૂ કર્યો છે.

૮૭, સરદાર પટેલ કૉલોની,
**અમદાવાદ-૧૪**

## ૨૮ શ્રી. ધીરજલાલ છોટાલાલ પટેલ

જન્મ તારીખ :- ૪-૧૧-૧૯૨૩

વતન :— **પાટડી,** તા: વીરમગામ

સને ૧૯૩૬ થી સને ૧૯૪૨ સુધી છ ધોરણ સુધી આ સંસ્થામાં અભ્યાસ કરી મેટ્રીકનો અભ્યાસ ડાકોરમાં કર્યો.

તેઓ શેઠ સોમનાથ રૂપજીદાસની પેઢીમાં અને શ્રી અસારવા નીલકંઠ મહાદેવમાં મુનીમ તરીકે કામ કરે છે.

દરિયાપુર, મોટી હવેલીની પોળ, પરબડી પાસે,
**અમદાવાદ**

## ૨૯ ડૉ. રણજીતભાઇ મોહનલાલ પટેલ

એમ. એ; બી. ટી; પી એચ. ડી.

જન્મ તારીખ :– ૨૬-૬-૧૯૧૮

વતન :– **ડભોડા,** જિલ્લો : ગાંધીનગર

સંસ્થામાં અભ્યાસ :– સને ૧૯૨૯ થી ૧૯૩૪

અભ્યાસકાળ દરમ્યાન ૧૯૩૨ માં સત્યાગ્રહ અંગે જેલનિવાસ ભોગવ્યો હતો. મેટ્રીક પાસ કરી થોડો સમય સર્વ વિદ્યાલયમાં અધ્યાપક તરીકે કામ કર્યું. અભ્યાસકાળ દરમ્યાન નોકરી કરતાં કરતાં અભ્યાસ પૂરો કર્યો.

બી. એ. માં ગુજરાતી અને સંસ્કૃતમાં પ્રથમ વર્ગ, એમ. એ. માં દ્વિતીય વર્ગ. એમ. એ. થયા બાદ પિલવાઈની જી. સી. હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કર્યું. એ પછી બી. ટી. થયા.

રા. બ. કેશવલાલ ધ્રુવ પ્રાઇઝના તેઓ વિજેતા છે. ૧૯૪૬ માં પેટલાદ કૉલેજમાં ગુજરાતીના લેકચરર, ૧૯૫૦ થી ૧૯૫૮ સુધી નડિયાદની જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટીટયૂટમાં ગુજરાતી વિભાગના વડા અને પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. છેલ્લે છેલ્લે તેઓ સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટીટયુટના વાઈસ પ્રિન્સિપાલ પણ હતા. ૧૯૫૬ માં તેઓ પી એચ. ડી. થયા.

સાહિત્યક્ષેત્રે તેઓ 'અનામી' તરીકે જાણીતા છે. ગુજરાતી સાહિત્યમાં તેમણે 'કાવ્યસંહિતા', 'ચક્રવાક', 'સારસ', 'સ્નેહશતક', 'ત્રિવેણી', 'પરિમલ' નામના કાવ્યસંગ્રહો તથા 'ભણેલી ભીખ' નામના વાર્તાસંગ્રહનું પ્રદાન કર્યું છે. આ ઉપરાંત 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો', 'શામળ', 'મણિ-બાલ શતાબ્દી ગ્રંથ', 'આપણું રાષ્ટ્રગીત', 'કવિવર ટાગોરનું જીવન-કવન', 'દાંતની સંભાળ', 'સહશિક્ષણ', 'ગુજરાતણોની શરીરસંપત્તિ'— વગેરે તેમના ગ્રંથો છે. નડિયાદની 'ગોવર્ધન સાહિત્ય સભા'ના સ્થાપક અને પ્રમુખ હતા. હાલ તેઓશ્રી મ. શ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં રીડર તરીકે કામ કરે છે.

'અનામી', ૨૨/૨, અરુણોદય સોસાયટી, **વડોદરા-૫**

## ૩૦ શ્રી કાન્તિલાલ વેણીભાઈ પટેલ

જન્મ તારીખ: – ૯-૪-૧૯૨૩

વતન :– **રાજપુર,** તા. કડી

આ સંસ્થામાં અભ્યાસ :– ૧૯૩૭ થી ૧૯૪૩

આ સંસ્થામાંથી મેટ્રીકની પરીક્ષા પાસ કરીને તેઓ અમદાવાદમાં પોતાની કાપડની દુકાન 'કાન્તિલાલ સોમચંદ પટેલ'માં જોડાયા અને તેમાં સારી પ્રગતિ સાધેલી. પરંતુ તેઓ નાની વયમાં જ તા. ૯—૧—૧૯૪૯ ના રોજ માત્ર ૨૬ વર્ષની ઉમ્મરે સ્વર્ગસ્થ થયા.

નં. ૫ બી વસંતવિહાર સોસાયટી, સરદારનગર રોડ, મીઠાખળી,

**અમદાવાદ-૯**



ડૉ. રણજિતભાઈ એમ. પટેલ
ડભોડા

[ ૨૯ ]



શ્રી કાન્તિલાલ વેણીભાઈ પટેલ
રાજપુર

[ ૩૦ ]



શ્રી બાબુલાલ વેણીભાઈ પટેલ
રાજપુર

[ ૩૧ ]



શ્રી અશ્વિનભાઈ ડી. પટેલ
લાડોલ

[ ૩૨ ]

## ૩૧ શ્રી. બાબુલાલ વેણીદાસ પટેલ

મેટ્રીક કોવિદ

જન્મ તારીખ :– ૧૯–૯–૧૯૨૫

વતન :– **રાજપુર,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૭ થી ૧૯૪૩

આ સંસ્થામાંથી સને ૧૯૪૩ માં મેટ્રીક પાસ થઈને કૉલેજના અભ્યાસ માટે અમદાવાદ ગયા. પ્રથમ વર્ષની પરીક્ષા પસાર કરી ૧૯૪૫ માં ન્યુ હાઈસ્કૂલ અમદાવાદમાં શિક્ષક તરીકે જોડાઇ વ્યાયામની સી. પી. એડ. ની પરીક્ષા પ્રથમ વર્ગમાં ૧૯૪૬ માં પાસ કરી. દશ વર્ષ શિક્ષણ ક્ષેત્રમાં કામ કરી ૧૯૫૬ માં નોકરી છોડી તેમના પિતાશ્રી સાથે ઈન્સ્યુરન્સના ધંધામાં જોડાયા. જીંદગીના વીમાની કંપનીઓનું રાષ્ટ્રીયકરણ થતાં તેઓ લાઈફ ઈન્સ્યુરન્સ કૉરપોરેશનમાં લેવાયા. ઈન્સ્યુરન્સ કોર્પોરેશન તરફથી આપવામાં આવતી ફીલ્ડ ઑફીસરની તાલીમ મુંબાઈમાં વર્ગોમાં હાજર રહીને લીધી અને તેમાં ઉચ્ચ કક્ષાની લાયકાત મેળવી. તેઓએ મહેસાણા શાખામાં આસી. બ્રાન્ચ મેનેજર તરીકે ૧૯૬૪—૬૫ માં કામ કર્યું. હાલ તેઓ હિમ્મતનગર બ્રાન્ચમાં મેનેજર તરીકે કામ કરે છે.

૫ બી, વસંતવિહાર કૉ-ઓ. હા. સોસાયટી લી.
મીઠાખળી પાસે, સરદાર પટેલ નગર રોડ,
**અમદાવાદ-૯**

## ૩૨ શ્રી. અશ્વિનભાઇ ડુંગરદાસ પટેલ

એમ. એ., બી. ટી., કોવિદ

જન્મ તારીખ :– ૧૨–૫–૧૯૧૬

વતન :– **લાડોલ,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— ૧૯૩૧—૩૨

સને ૧૯૩૯ માં બી. એ. અને ૧૯૪૧ માં એમ. એ. અને ૧૯૪૩ માં બી. ટી. ની પદ્રીઓ પ્રાપ્ત કરી. સને ૧૯૩૭ માં કોવિદ પણ થયા.

માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે માત્ર એક વર્ષ અધ્યાપક તરીકે કામ કર્યું. ત્યાર પછી લાડોલ. વિસનગર, ગવાડા, કપડવંજ, સોજિત્રા, બોરસદ, પ્રાંતીજ અને અમદાવાદની હાઈસ્કૂલોમાં આચાર્ય તરીકે કામ કર્યું. હાલમાં તેઓ શિક્ષણ મહાવિદ્યાલય (એટલે બી. એડ. કૉલેજ), ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં અધ્યાપક તરીકે કામ કરી રહ્યા છે. અને અમદાવાદમાં જ કાયમી વસવાટ કર્યો છે.

માધ્યમિક શિક્ષકોને મદદરૂપ એવી પ્રવૃત્તિઓ અને વ્યાયામની પ્રવૃત્તિને તેમણે સારો વેગ આપેલો છે.

પૂરા રાષ્ટ્રવાદી છે. સને ૧૯૩૨ સને ૧૯૪૨ ની સ્વાતંત્ર્યની લડતોમાં બે વખત જેલ ભોગવી છે.

એપ્રીલ ૧૯૫૧ માં આ સંસ્થાના નવા જૂના વિદ્યાર્થીઓના પાંચમા સ્નેહસંમેલનના પ્રમુખ હતા.

'વિસામો' ૨૦, અનુપમ સોસાયટી, નારણપુરા, ચાર રસ્તા,
**અમદાવાદ-૧૩**

## ૩૩ શ્રી. ચીમનલાલ ધનજીભાઇ પટેલ

જન્મ તારીખ :- ૨૬-૧૦-૧૯૧૧

વતન :— **લાડોલ,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— ૧૯૨૩ થી ૧૯૨૭

માધ્યમિક અભ્યાસ પૂરો કરી ૧૯૩૦માં ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા અને સત્યાગ્રહની ચળવળમાં જોડાયા. ૧૯૩૧ માં દક્ષિણામૂર્તિ અધ્યાપન મંદિરમાં મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ કર્યો. પોરબંદરમાં બે વર્ષ સુધી સ્વતંત્ર રીતે બાલમંદિર ચલાવ્યું.

ત્યાર બાદ કેળવણી ક્ષેત્ર છોડી દઈ ૧૯૩૪—૩૫ માં વહેપારી ક્ષેત્રે કામ શરૂ કર્યું. ૧૯૩૬—૩૭ માં વેપાર અર્થે બરમા પણ ગએલા. ૧૯૩૮ થી ૧૯૪૩ સુધી તેમના મોટાભાઇ શ્રી. ચુનીલાલ સાથે મુંબઈમાં ફીનાઈલના ધંધામાં જોડાયા. સને ૧૯૪૪ માં પોતાનું અલગ દવાઓ અને કૅમીકલ પીસવાનું કારખાનું મુંબઈમાં શરૂ કર્યું અને વિકસાવ્યું. હાલ આ કારખાનું તેમના પુત્રો ચલાવે છે. તેઓ હાલ લાડોલ તા. વિજાપુરમાં પોતાના વતનમાં રહે છે.

૫૭ સી, સોનાવાળા બીલ્ડીંગ નં. ૫, તારદેવ,
**મુંબઈ-૭**

## ૩૪ શ્રી. ચીમનભાઇ પુરુષોત્તમદાસ પટેલ

બી. એ. એલ એલ. બી.

જન્મ તારીખ :- ૯-૯-૧૯૧૭

વતન :— **ઉત્તરસંડા,** જિ. ખેડા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૦—૩૧

તેઓ બી એ. એલ એલ. બી. થયા છે. ૧૯૩૯ માં ગુજરાત કૉલેજ અમદાવાદમાંથી બી. એ. થયા અને ૧૯૪૧ માં એલ એલ બી. થયા. વકીલાત નહિ કરતાં લોકસેવાનું કાર્ય શરૂઆતથી જ અપનાવ્યું.

તેમના મુંબઈના વસવાટ દરમ્યાન મુંબઈ પ્રજામંડળના પ્રમુખ તથા મહાગુજરાત—રાજસ્થાન પરિષદના મંત્રી તરીકે તેમણે સેવા આપેલી છે. કલોલ તાલુકા કૉંગ્રેસના મંત્રી, પ્રમુખ અને જિલ્લા તેમજ પ્રાંતિક સમિતિના સભ્યપદે પણ ચુંટાયેલા છે. મહેસાણા જિ. શા. મંડળના ચેરમેન તરીકે પણ તેમણે કામ કરેલું છે.

કલોલ તાલુકા વ્યા. મંડળ અને મહેસાણા જિ. વ્યા. મંડળના પ્રમુખ તરીકે તેમણે સેવાઓ આપી છે. જિલ્લા પુસ્તકાલય મંડળના પ્રમુખ તરીકે પુસ્તકાલય પ્રવૃત્તિને પણ તેમણે સારો વેગ આપેલો છે. કલોલમાં હાઈસ્કૂલો અને કૉલેજ ચલાવતી સંસ્થા કલોલ તાલુકા કેળવણી મંડળના ઘણાં વર્ષોથી મંત્રી છે અને ગુજરાત યુનિવર્સિટીની સેનેટ અને એકેડેમિક કાઉન્સિલના સભ્ય તરીકે છે.

મુંબઈ રાજ્યમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટીના સભ્ય હતા અને ગુજરાત રાજ્યમાં તે સ્થાને ચાલુ છે.

મહાત્મા ગાંધી રોડ,
**કલોલ**



શ્રી ચિમનલાલ ધનજીભાઈ પટેલ
લાડોલ

[ ૩૩ ]



શ્રી ચિમનલાલ પુરુષોત્તમદાસ પટેલ
કલોલ

[ ૩૪ ]



શ્રી નારણભાઈ પ્રભુદાસ પટેલ
મેડીઆદ્રજ

[ ૩૫ ]



શ્રી અંબાલાલ જોઈતારામ પટેલ
વીરતા

[ ૩૬ ]

## ૩૫ શ્રી. નારણભાઈ પ્રભુદાસ પટેલ

બી. કૉમ. સુધી

જન્મ તારીખ :- ૩૧-૩-૧૯૨૬

વતન :— **મેડા આદરજ,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૯ થી ૧૯૪૫

આ સંસ્થામાંથી સને ૧૯૪૫ માં મેટ્રીક થઈને કૉમર્સ કૉલેજ અમદાવાદમાં અભ્યાસ કર્યો.

મુંબઈમાં સામાજિક અને કેળવણી વિષયક કાર્યોમાં ઉંડો રસ લે છે, તથા 'કિરણ' માસિકના તંત્રી તરીક કેટલાક વર્ષો સુધી કામ કર્યું છે.

હાલ તેઓ ઈન્ડિયન મરકન્ટાઈલ ઈન્સ્યુરન્સ કંપની લિ. મુંબઈમાં ( જનરલ વીમા કંપનીમાં ) જવાબદાર હોદ્દો ધરાવે છે.

ઈન્ડિયન મરકન્ટાઈલ ઈન્સ્યુરન્સ કું.
ઈન્ડિયન મરકન્ટાઈલ ચૅમ્બર્સ,
નીકોલ રોડ, બેલાર્ડ એસ્ટેટ—**મુંબઈ-૧**

## ૩૬ શ્રી. અંબાલાલ જોઈતારામ પટેલ

બી. ઈ. સીવીલ

જન્મ તારીખ :- ૯-૯-૧૯૩૦

વતન :— **વીરતા,** તા. ચાણસ્મા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૪ થી ૧૯૪૯ સુધી

આ સંસ્થામાંથી સને ૧૯૪૯ માં મેટ્રીક પાસ થયા. તેમને વ્યાયામની પ્રવૃત્તિઓમાં ઘણો રસ છે. ગુજરાત ઑલમ્પીક સુધીની રમતોમાં તેમણે ભાગ લીધેલો છે. તેઓ બી. ઈ. સીવીલની ડીગ્રી ધરાવે છે.

અમદાવાદ એન્જીનિયરીંગ કૉલેજમાંથી બી. ઇ. ( સીવીલ ) ની ઉપાધિ પ્રાપ્ત કરી. શરૂઆતમાં દોઢેક વર્ષ પી. ડબલ્યુ ખાતામાં નોકરી કરી. ત્યાર બાદ રેલ્વેમાં જોડાયા. હાલ તેઓ વેસ્ટર્ન રેલ્વેમાં ઈન્સ્પેકટર ઑફ વર્કસ્ (અમદાવાદ) ના હોદ્દા ઉપર કામ કરે છે.

વેસ્ટર્ન રેલ્વે, ઈસ્પેકટર ઑફ વર્કસ, વેસ્ટર્ન રેલ્વે,
અમદાવાદ સ્ટેશન, **અમદાવાદ**

## ૩૭ શ્રી. નટવરલાલ પ્રભાશંકર ત્રિવેદી

આર. એમ. પી.

જન્મ તારીખ :- ૪-૧૨-૧૯૧૯

વતન :— **કડી,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૭થી ૧૯૪૧ સુધી

બેચરાજીની ન્યુ ઈંગ્લીશ સ્કૂલમાં થોડો સમય મુખ્ય શિક્ષક તરીકે નોકરી કરેલી છે.

હોમિયોપથીમાં 'સી. એસ. જી. એમ.'ની પરીક્ષા, આયુર્વેદમાં 'ભિષગ્'ની તથા આયુર્વેદ અલંકાર અને ઍલોપથીમાં કમ્પાઉન્ડરની પરીક્ષાઓ પાસ કરી છે. તદુપરાંત મધ્ય પ્રદેશની એમ. બી. એચ. ની પરીક્ષા પણ પ્રથમ વર્ગમાં પાસ કરી છે.

સને ૧૯૪૬થી રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનર તરીકે સ્વતંત્ર પ્રેક્ટીસ કરે છે. ૧૯૫૭થી '૬૩ સુધી મહેસાણા જિલ્લામાં એસ. એમ. પી. સેન્ટરોમાં મેડીકલ ઓફીસર તરીકે નોકરી કરેલી છે. ૧૯૬૪થી રાજ્ય વિમા કામદાર યોજનામાં ગુજરાત રાજ્યમાં આયુર્વેદ વિભાગમાં અમદાવાદમાં મેડીકલ ઓફીસર તરીકે નોકરી કરે છે.

ડૉ. નટવરલાલ પ્ર. ત્રિવેદી
૧૩, સદાશીવનગર, 'લહેરીકુંજ'
રાણીપ, **અમદાવાદ-૫**

## ૩૮ શ્રી. કાન્તિલાલ કેશવલાલ પંચાલ

વતન :— **કડી**

સંસ્થામાં અભ્યાસ :— ધોરણ ૪ સુધી

તેમનો બાપીકો ધંધો કારીગરનો હોઈ, પહેલેથી જ તેમને યંત્રસામગ્રીમાં રસ હતો. પરિણામે અભ્યાસ છોડી દઈ યાંત્રિક લાઈનનું જરૂરી જ્ઞાન મેળવી લીધું.

કડી શહેર સુધરાઈમાં સભાસદ તરીકે ચૂંટાઈ કામ કર્યું છે.

હાલમાં તેઓશ્રી 'લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ' નામના કારખાનાના માલિક છે.

લક્ષ્મી એન્જીનીયરીંગ વર્ક્સ,
સ્ટેશનરોડ, **કડી**

સામગ્રીમાં
ળવી લીધું.

રખાનાના



ડૉ. નટવરલાલ પ્રભાશંકર ત્રિવેદી
કડી

[ ૩૭ ]



શ્રી કાન્તિલાલ કેશવલાલ પંચાલ
કડી

[ ૩૮ ]



શ્રી મણીભાઈ ડાહ્યાભાઈ પટેલ
ઉનાવા-બાલવા

[ ૩૯ ]



શ્રી ભગવાનદાસ માધવદાસ પટેલ
મોખાસણ

[ ૪૦ ]

## ૩૯ શ્રી. મણિભાઈ ડાહ્યાભાઈ પટેલ

વતન :— **ઉનાવા (બાલવા)**, તા. કલોલ

સને ૧૯૪૦ માં તેમણે મેટ્રીકની પરીક્ષા આ સંસ્થામાંથી પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ કરી. તેમણે ઈન્ટર સાયન્સ સુધી અભ્યાસ કર્યો છે.

ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમ સીગારેટ તમાકુનુ વાવેતર ઉનાવામાં ચાલુ કરાવી નવીન ધંધો ખિલવ્યો છે. સાથે સાથે શાકભાજીનાં 'બી' નો ધંધો દેશ તેમજ પરદેશ સાથે કરે છે. ઑલ ઈન્ડીઆ સીડ મરચન્ટસ્—ગ્રોઅર્સ એન્ડ નર્સરીમેન એસોસીએશનની વર્કીંગ કમીટીમાં મેમ્બર છે.

તેમના નાના ભાઈશ્રી અંબાલાલ પણ આ જ સંસ્થામાં વિદ્યાર્થી હતા અને હાલમાં તેઓ અમેરિકામાં રીફાઈનરી એન્જીનિયર, મીકેનીકલ એન્જી. તેમજ કેમીકલ એન્જી. ની ડીગ્રી મેળવી અમેરીકામાંજ કાયમી ઘરબાર પોતાનાં વસાવી વસવાટ કર્યો છે. હાલ તેઓ કેપીટલ ઓઈલ વાલ્વ કું. માં હેડ એન્જીનીઅર તરીકે ઓકલાહોમા સ્ટેટના તુલસા શહેરમાં માનવંતો હોદ્દો ધરાવે છે.

મુ. **ઉનાવા (બાલવા)**
તા. કલોલ

## ૪૦ શ્રી. ભગવાનદાસ માધવદાસ પટેલ

જન્મ તારીખ :- ૧-૮-૧૯૧૭

વતન :— **મોખાસણ,** તા. કલોલ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૫—૩૬

આ સંસ્થામાંથી મેટ્રીકની પરીક્ષા સને ૧૯૩૬ માં પસાર કરી. અભ્યાસ પૂરો કરીને વાયદાના વેપારમાં ઝંપલાવ્યુ અને થોડો સમય જનરલ કમીશન એજન્ટ તરીકે કામ કર્યું. કેળવણીની સંસ્થાઓમાં તેમણે ઉદાર સખાવતો કરી છે.

હાલ તેઓ મુંબઈ—૨, મંગળદાસ માર્કેટમાં પોતાનો આગવો કાપડનો ધંધો કરે છે.

મંગળદાસ માર્કેટ, ઘડિયાળી ગલી,
**મુંબઇ-૨**

## ૪૧ શ્રી. હર્ષદ પોપટલાલ પટેલ

બી. એસસી. (ટેક.) કેમીકલ એન્જીનીયરીંગ (ઑનર્સ)

જન્મ તારીખ :– ૧૪-૬-૧૯૨૭

વતન :– **લાંઘણજ,** તા. મહેસાણા

સંસ્થામાં અભ્યાસ :– સને ૧૯૩૬ થી ૧૯૪૨

સને ૧૯૪૨ માં આ સંસ્થામાંથી મેટ્રીક પાસ થયા. બી. એસસી. ની ડીગ્રી મુંબઈમાં પ્રથમ વર્ગમાં મેળવી. બી. એસસી. ટેકનોલાજી, કેમીકલ એન્જીનીયરીંગ (આનર્સ) ની ડીગ્રી પણ મુંબઈમાં મેળવી. અભ્યાસ પૂરો કરી રેશમ, સુતરાઉ દોરી, પટ્ટી, શુ-લેસ અને ફીનાઈલ વગેરેનું ઉત્પાદન કરતી કુટુમ્બની માલિકીની 'જેસ્કો ઈન્ડસ્ટ્રીઝ' માં તેઓ સને ૧૯૪૯ થી કામ કરે છે.

૧૯૫૯ થી ઈસ્ટર્ન ઈન્ડસ્ટ્રીઝ નામની બ્લ્યુપ્રિન્ટ પેપર્સ અને ડાય-લાઈન (એમોનીઆ) પેપર્સ બનાવતી ફેક્ટરી શરૂ કરી છે. આ પેપર્સ બ્લ્યુપ્રિન્ટસ મકાનના તથા એન્જીનીઅરીંગ ડ્રૅાઈંગ બનાવવા માટે વપરાય છે.

જેસ્કો ઈન્ડસ્ટ્રીઝ, તારા બાગ, મોતીશા લેન, મજગાંવ, **મુંબઈ-૧૦** અને
ઈસ્ટર્ન ઈન્ડસ્ટ્રીઝ, કસ્તુરચંદ મીલ કમ્પાઉન્ડ, દાદર રોડ, દાદર વેસ્ટ, **મુંબઈ-૨૮**

## ૪૨ શ્રી. શંકરલાલ કાળીદાસ પટેલ

બી. ફાર્મ.

જન્મ તારીખ :– ૧૮-૩-૧૯૩૦

વતન :– **વામજ,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :– સને ૧૯૪૫ થી ૧૯૪૭

સને ૧૯૪૭ માં આ સંસ્થામાંથી મેટ્રીકની પરીક્ષા પસાર કરી. અમદાવાદમાં રહી બી. ફાર્મ.ની ડીગ્રી બીજા વર્ગમાં મેળવી.

સને ૧૯૫૨ થી તેઓશ્રી સીબા ફાર્મ મુંબઈના લીકવીડ સ્પીરીચ્યુઅસ એન્ડ નોન સ્પીરીચ્યુઅસ ડીપાર્ટમેન્ટમાં સેક્શનલ ચીફ કેમીસ્ટ તરીકે કામ કરી રહ્યા છે.

Ciba Pharm. (Prt) Ltd,
Petit Bleaching Mill Compound, Tardeo, Bombay-7



શ્રી હર્ષદ પોપટલાલ પટેલ
લાંઘણજ



શ્રી શંકરલાલ કાળીદાસ પટેલ
વામજ



શ્રી વિઠ્ઠલભાઈ કાકુદાસ પટેલ
જાસલપુર

[ ૪૩ ]



શ્રી સોમાભાઈ મગનલાલ પટેલ
બલોલ

[ ૪૪ ]

## ૪૩ શ્રી. વિઠ્ઠલભાઇ કાકુદાસ પટેલ

જન્મ તારીખ :- ૫-૯-૧૯૧૨

વતન :- **જાસલપુર,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :- સને ૧૯૩૫ થી ૧૯૪૧

આ સંસ્થામાંથી સને ૧૯૪૧ માં મેટ્રીક પાસ થયા. ગણિતશાસ્ત્રના વિષયમાં તેમને પહેલેથી જ અભિરુચિ હતી. તેમણે શોર્ટ ટર્મ કોર્સ (કાંદિવલી) અને શારીરિક શિક્ષણની તાલીમનો કોર્સ કરેલો છે. એસ. ટી. સી. પરીક્ષા પણ પાસ કરી છે.

તેઓ સને ૧૯૪૬ થી આ જ સંસ્થામાં શિક્ષક તરીકે કામ કરે છે.

**જાસલપુર,**
તા. કડી

## ૪૪ શ્રી. સોમાભાઇ મગનલાલ પટેલ

જન્મ તારીખ :- ૨૨-૬ ૧૯૨૧

વતન :- **બલોલ,** તા. મહેસાણા

સંસ્થામાં અભ્યાસ :- સને ૧૯૩૫ થી ૧૯૪૧

આ સંસ્થામાંથી ૧૯૪૧ માં મેટ્રીક પાસ થયા. ત્યાર પછી તેઓ અમદાવાદમાં સોનાચાંદીના ધંધામાં જોડાયા.

તેઓ અમદાવાદની જાણીતી સોનાચાંદીના જથ્થાબંધ દાગીના બનાવવાનું અને વેચવાનું કામ કરતી મેસર્સ સોમાભાઈ ત્રિભોવનદાસની પેઢીના સંવત ૨૦૦૧ થી ભાગીદાર છે.

C/o સોમાભાઈ ત્રિભોવનદાસ ચોકસી
માણેકચોક, **અમદાવાદ**

# ૪૫ શ્રી પ્રેમજીભાઇ મીઠાભાઇ પટેલ

જન્મ તારીખ :- ૨૮-૨-૧૯૧૨

વતન :— **ભરાડા,** તા. ધાંગધ્રા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૪ થી ૧૯૩૦

તેમણે સને ૧૯૩૧ માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. આર્થિક પરિસ્થિતિને કારણે અભ્યાસ છોડી દીધો. પછી ત્રણ વર્ષ અમદાવાદ મ્યુ. માં જુદાં જુદાં ખાતાંઓમાં નોકરી કરી. સને ૧૯૩૩—૩૪ માં સી. એન. વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા. ત્યાંથી લાંઘણજની યુનિયન હાઈસ્કૂલમાં પણ હેડમાસ્તર તરીકે બે વર્ષ કામ કર્યું. સને ૧૯૩૬ થી ફેલોશીપ અને નૂતન ફેલોશીપ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કાર્ય કરે છે. સને ૧૯૫૭ ની સાલથી અમદાવાદના શ્રી ઝાલાવાડ ખાખરિયા ટપા પાટીદાર કેળવણી મંડળનું પ્રમુખસ્થાન શોભાવે છે.

૧૧૯, સરદાર પટેલ કોલોની, નવજીવન પ્રેસ પાસે,
**અમદાવાદ-૧૪**

# ૪૬ શ્રી. માણેકલાલ મફતલાલ પટેલ

બી. એ.

જન્મ તારીખ :- ૩૧-૭-૧૯૧૬

વતન :— **કડી**

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૮ થી ૧૯૩૩

સને ૧૯૩૪ માં મેટ્રીક થયા. ત્યાર પછી વડોદરા અને અમદાવાદમાં રહીને બી. એ. ની ડીગ્રી પ્રાપ્ત કરી. બી. એ. થયા પછી બે વર્ષ રેવન્યુ ખાતામાં અને આઠ વર્ષ મ્યુ. માં ગુમાસ્તા ધારાના ઈન્સ્પેક્ટર તરીકે કામ કર્યું.

નોકરી છોડીને તેઓ ૧૯૪૮ થી 'કેટરીંગ' ના ધંધામાં જોડાયા અને તેમણે અશોક નિવાસ અને આનંદ નિવાસ હોટલ અને લોજની સ્થાપના કરી. આનંદ નિવાસને લિમિટેડ કંપની બનાવી તેની શાખાઓ ડાકોર, વીરમગામ, વડોદરા અને અલ્હાબાદ (યુ. પી.) વગેરે સ્થળે વિસ્તારી છે.

સને ૧૯૫૨ થી ૧૯૬૦ સુધી અમદાવાદ હોટલ ઓનર્સ એસોસીએશનના પ્રમુખસ્થાને રહીને હોટલ ઉદ્યોગને સેવા આપી છે. ત્યાર બાદ અખિલ ભારત હોટલ માલીક ફેડરેશન (अखिल भारत खाद्य पेय विक्रेता संघ) ના ઉપપ્રમુખ-સ્થાને રહીને દોરવણી આપી રહ્યા છે. હોટલ ઉદ્યોગના જીવાદોરી જેવા પ્રશ્નો જેવા કે : અનાજ, તેલ જેવી અન્ય ખાદ્ય ચીજોની તંગી, લઘુતમ વેતન ધારો, પ્રોવીડંટ ફંડ હોટલને લાગુ પાડવા બાબત, ભેળસેળનો કાયદો, કામદાર મંડળોના પ્રશ્નો વગેરે પ્રશ્નો હલ કરવામાં હોટલ ઉદ્યોગને નોંધપાત્ર કિંમતી લાભ કરી આપેલ છે.

દરિયાપુર પટેલ સોસાયટી, ઉસમાનપુરા, **અમદાવાદ**
અમદાવાદનો ફોન નં. ૭૯૧૩૭
વડોદરાનો „ ૪૮૫૧
અલ્હાબાદ (યુ. પી.) „ ૫૨૩૯



શ્રી પ્રેમજીભાઈ મીઠાભાઈ પટેલ
અમદાવાદ





શ્રી માણેકલાલ મફતલાલ પટેલ
કડી



શ્રી અંબાલાલ બાભઈદાસ પટેલ
બલોલ

[ ૪૭ ]



શ્રી કેશવલાલ ભોળીદાસ પટેલ
પલિયડ

[ ૪૮ ]

## ૪૭ શ્રી. અંબાલાલ બાભઈદાસ પટેલ

બી. એસસી.

જન્મ તારીખ :- ૧૯-૩-૧૯૧૬

વતન :— બલોલ, તા. મહેસાણા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૧ થી ૧૯૩૮

આ સંસ્થામાંથી ૧૯૩૮ માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. વડોદરા કૉલેજ-માંથી ૧૯૪૩ માં રસાયણ અને ભૌતિકશાસ્ત્રના વિષયમાં બી. એસસી. પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા, બાદ થોડોક સમય શ્રી ગ્રામ સેવા મંદિર, નારદીપુરમાં વિજ્ઞાન શિક્ષક તરીકે કામ કર્યું અને પછી એક વર્ષ અનિલ સ્ટાર્ચ પ્રોડક્ટસ, અમદાવાદ અને ત્રણ વર્ષ સારાભાઈ કેમીકલ્સ, વડોદરામાં કેમીસ્ટ તરીકે કામ કર્યું. પોતે સારા કેમીસ્ટ હોઈ નોકરી છોડી ૧૯૪૭ થી સ્વતંત્ર ધંધામાં જોડાયા. શરૂઆતમાં ૧૯૪૭ માં અમદાવાદમાં ધી બર્મા કૅમીકલ વર્કસ નામના ફીનાઈલ તથા સાબુના કારખાનામાં ભાગીદાર તરીકે જોડાયા. ત્યાર પછી ૧૯૫૩ થી પૅરેમાઉન્ટ સોપ ફેક્ટરી (વિક્રમ મીલ પાછળ, સરસપુર—અમદાવાદ) માં ભાગીદાર તરીકે જોડાઈ, હાલ પણ ત્યાં જ સંચાલન કરી રહ્યા છે.

શ્રી વિષ્ણુનગર કૅા-ઓ. હા. સોસાયટી લી.
બ્લૉક ૧૦/૬૦ રખીઆલ દરવાજા બહાર, **અમદાવાદ-૧૮**

## ૪૮ શ્રી. કેશવલાલ ભોળીદાસ પટેલ

બી. એ.

જન્મ તારીખ :— ૬-૯-૧૯૧૨

વતન — **પલિયડ,** તા. કલોલ

માધ્યમિક કેળવણી તેઓશ્રીએ સર્વ વિદ્યાલયમાં લીધેલી. આ સંસ્થામાં ભરાયેલ ગુજરાત—સૌરાષ્ટ્રના વિદ્યાર્થી સંમેલનના સ્વાગત પ્રમુખ હતા. આ સંસ્થાના નવાજૂના વિદ્યાર્થી મંડળના તેઓ પ્રમુખ છે. મુંબઇ યુનિવર્સિટીની બી. એ. ની પરીક્ષા તેમણે અર્થશાસ્ત્ર અને ઈતિહાસ સાથે પાસ કરી છે.

તેઓશ્રી એક મજૂરનેતા છે. તેઓ સને ૧૯૩૯ થી મજૂર પ્રવૃત્તિમાં જોડાયા. અખિલ ભારત મજદૂર સેવક સંઘની જનરલ કાઉન્સીલના તેઓ સભાસદ છે. પેટલાદમાં મજૂર પ્રવૃત્તિનું સુંદર કામ કરેલું. સને ૧૯૪૨ થી કલોલ મજૂર મહાજનના મંત્રી તરીકે કામ કરે છે. ઈન્ટુકની જનરલ કાઉન્સીલના સભ્ય છે. ગ્રેટબ્રિટનની મજૂર પ્રવૃત્તિઓનો અનુભવ લેવા ભારત સરકારે ભારતના મજૂરોના પ્રતિનિધિ તરીકે તેમને ગ્રેટબ્રિટન મોકલેલા. લંડન, માંચેસ્ટર, પેરીસ, જીનીવા, મિલાન, રોમ અને વેસ્ટ જર્મનીની મજૂર પ્રવૃત્તિઓ તેમણે નિહાળેલી.

સને ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી મુંબઈ ધારાસભાના સભ્ય હતા. મુંબઈ રાજ્ય મીનીમમ વેજીઝ કમિટિમાં રહી, તે અંગેનો અહેવાલ સરકારને ઘડી આપેલો. કલોલ મ્યુ., મહેસાણા જિ. લો. બોર્ડ, કલોલ તા. લો. બોર્ડ જેવી સંસ્થાઓમાં પણ તેમણે સેવા આપેલી છે. રાજકીય લડત વખતે કલોલના પાંચ હજાર મજૂરોની ૧૦૫ દિવસની ઐતિહાસિક હડતાલ તેમણે સફળતાપૂર્વક ચલાવી હતી. હાલમાં તેઓ ગુજરાત રાષ્ટ્રીય મજદૂર કોંગ્રેસ (ઈન્ટુક) ના ઉપપ્રમુખ છે. તેઓ કોંગ્રેસ પક્ષના એક પીઢ કાર્યકર છે.

મજૂર મહાજન ઑફીસ, **કલોલ** (ઉ. ગુ.)

## ૪૯ શ્રી. ઇશ્વરલાલ મોહનલાલ પટેલ

જન્મ તારીખ :- ૭-૨-૧૯૩૦

વતન :— **ભલગામડા,** તા. ચાણસ્મા.

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૪ થી ૧૯૫૦

હાલ તેઓ પોતાના વતન ભલગામડામાં જીરૂ, વરિયાળી, સરસવ, ગોળ, કપાસ તેમજ કરિયાણાનો જથાબંધ વેપાર કરે છે.

**ભલગામડા,**
તા. ચાણસ્મા

## ૫૦ શ્રી ગોરધનભાઇ બેચરભાઈ પટેલ

જન્મ તારીખ :- ૨-૯-૧૯૧૬

વતન :— **ગણપતપુરા,** તા. કરજણ

આ સંસ્થામાં માધ્યમિક શિક્ષણ ધોરણ ૧૦ સુધી લીધું. સને ૧૯૩૫ માં વડોદરામાં અભ્યાસ કરી મેટ્રીક થયા. તેમણે કરાંચીમાં વિમાનની તાલીમ લઈ પાયલોટ ‘અ’નું લાયસન્સ મેળવેલું છે.

બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટિશ સરકારે તેમની સેવાઓ માંગેલી જે તેમણે નકારી કાઢી હતી. સને ૧૯૩૮ થી તેઓએ રાજકીય જીવનમાં ઝંપલાવ્યું. દેશની આઝાદી મેળવવાનાં આંદોલનોમાં સને ૧૯૩૨, ૧૯૪૦, ૧૯૪૧ અને ૧૯૪૨ માં જેલવાસ ભોગવ્યો છે.

હાલમાં તેઓ વડોદરા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ, વડોદરા જિલ્લા પંચાયત મંડળના ઉપપ્રમુખ, વડોદરા જિલ્લા ભારત સેવક સમાજના સંયોજક, વડોદરા એગ્રી. માર્કેટિંગ કમિટિના ચેરમેન તેમજ વડોદરા જિલ્લાની આગેવાન સંસ્થાઓમાં એક આગેવાન કોંગ્રેસી કાર્યકર તરીકે વર્ષો સુધી કામ કર્યું છે. તેમજ સહકારી ક્ષેત્રે જીલ્લા કક્ષાની સંસ્થાઓમાં ડીરેકટર તરીકે તેમજ વડોદરા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની બરોડા ડેરીમાં મેનેજીંગ ડીરેકટર તરીકે સેવાઆ આપે છે.

અંબા નિવાસ, ખાડિયા પોળ,
**વડોદરા**

.૯૩૫ માં
ીમ લઈ

૪ તેમણે
ઝંપલાવ્યું.
૧ અને

જિલ્લા
સંયોજક,
આગેવાન
કર્યું છે.
વડોદરા
ર તરીકે



શ્રી ઈશ્વરલાલ મોહનલાલ પટેલ
ભલગામડા

[ ૪૯ ]



શ્રી ગોરધનભાઈ બહેચરભાઈ પટેલ
ગણપતપુરા

[ ૫૦ ]



શ્રી ભીખાલાલ ગોપાળદાસ
માલોસણ

[ ૫૧ ]



ડૉ. પોપટલાલ રણછોડદાસ પટેલ
છત્રાલ

[ ૫૨ ]

## ૫૧ શ્રી. ભીખાભાઈ ગોપાળદાસ પટેલ

જન્મ તારીખ :- ૨૦-૨-૧૯૧૭

વતન :— **માલોસણ,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૯ થી ૧૯૩૩

સને ૧૯૩૫ માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. જીવનની શરૂઆત વેપારીક્ષેત્રમાં નોકરીથી કરી. બારેક વર્ષ નોકરી કર્યા બાદ સંવત ૨૦૦૪ થી પોતાનો ધંધો રંગૂન અને કલકત્તામાં શરૂ કર્યો. બીજા વિશ્વયુદ્ધ વખતે બરમામાં રહેલા અને ત્યાં નેતાજી ફંડ કમિટિમાં સભાસદ તરીકે ત્રણ વર્ષ કામ કર્યું.

C/o. ડુંગરભાઈ ચતુરદાસ
પો. મુ. **માલોસણ,** તા. વિજાપુર

## ૫૨ ડૉ. પોપટલાલ રણછોડદાસ પટેલ

એમ. બી. બી. એસ.

જન્મ તારીખઃ - ૧-૮-૧૯૨૩

વતન :— **છત્રાલ,** તા. કલોલ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૬ થી ૧૯૪૨

તેઓએ એમ. બી. બી. એસ. ની ડીગ્રી મેળવ્યા પછી આણંદના પ્રખ્યાત ડૉ. કૂકના હાથ નીચે તાલીમ લીધી. ત્યાં તેમના કામથી ડૉ. કૂકની ચાહના મેળવી. તાલીમ દરમ્યાન તેમણે ઑપરેટીવ, એક્સ રે, ક્ષય ચિકિત્સા અને બાળકોના દર્દોનો સારો અનુભવ પ્રાપ્ત કરેલો. શરૂઆતમાં તેઓએ 'ચેરીટેબલ બેઝ' ઉપર સાણંદમાં દવાખાનું શરૂ કરેલું. ત્યાંથી તેઓએ કલોલમાં પોતાનું સ્વતંત્ર દવાખાનું ખોલી સ્થાયી વસવાટ કર્યો છે. નેત્રયજ્ઞ વગેરે વૈદકીય સહાયની પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી આગળ પડતો ભાગ લે છે. હાલ રોટરી કલબ કલોલમાં સેક્રેટરી તરીકે છે.

પોસ્ટ ઓફીસ પાસે,
**કલોલ**

## ૫૩ શ્રી. ત્રિકમલાલ ભૂધરદાસ પંચાલ

બી. એસસી. એલ. એલ. બી. એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ

જન્મ તારીખ :– ૯–૩–૧૯૦૮

વતન :– **લાડોલ,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :– સને ૧૯૨૨

તેઓશ્રી બી. એસસી. એલ. એલ. બી. ની ડીગ્રી ધરાવે છે. સને ૧૯૩૫માં વકીલાતનો ધંધો શરૂ કર્યો.

મહેસાણા જિલ્લા પ્રાંત પંચાયતના સભ્ય તરીકે તેમજ તાલુકા પ્રજામંડળના મંત્રી તરીકે તેમણે સેવા આપેલી છે. સને ૧૯૪૯ થી ૧૯૫૧ સુધી તાલુકા કૉંગ્રેસના પ્રમુખ તરીકે પણ કામ કરેલું છે. સને ૧૯૫૧–૫૨ માં પંચાલ સંમેલન સભાના પ્રમુખ તરીકે તેઓશ્રીએ કામ કર્યું હતું.

સને ૧૯૩૦ માં સત્યાગ્રહ લડતમાં પણ ભાગ લીધેલો.

સને ૧૯૬૦ થી ૧૯૬૩ વિજાપુર ઝવેરી હાઈસ્કૂલના ચેરમેન અને સુધરાઈના સભ્ય. હાલ વિજાપુર તાલુકા સ્વતંત્ર પક્ષના પ્રમુખ, જીલ્લામાં ઉપપ્રમુખ તેમજ ગુજરાત રાજ્ય સ્વતંત્ર પક્ષમાં સહમંત્રી તરીકે કામ કરે છે. સયાજી ગોલ્ડન જ્યુબીલી કલબના પ્રમુખ અને પીલવાઈના ઉ. પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળમાં કારોબારી મંડળમાં ક્રિયાશીલ આગેવાન સભ્ય છે.

ઠે. વેરાવાસણ
મુ. **વિજાપુર**

## ૫૪ શ્રી. ગોપાળભાઈ ત્રિભોવનદાસ પટેલ

જન્મ તારીખ :– ૫–૮–૧૯૨૨

વતન :– **ભટાસણ,** તા. કડી : હાલ અમદાવાદ

સંસ્થામાં અભ્યાસ :– ૧૯૩૩ થી ૧૯૪૦

૧૯૪૦ માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. ઈન્ટર કોમર્સમાંથી અભ્યાસ છોડી દીધો. તેઓ ગણિતના વિષયમાં ખૂબ જ હોંશિયાર હતા.

સ્વપ્રયત્ને તેઓએ કાપડના વેપારમાં વિકાસ સાધ્યો છે. અમદાવાદ પાંચકુવા કાપડ બજારમાં પોતાના જ નામની પેઢી ધરાવે છે.

ગામને તથા કુટુમ્બને મદદરૂપ બની રહ્યા છે. હાઉસીંગ સોસાયટીની પ્રવૃત્તિમાં પણ રસ લે છે.

પાંચકુવા કાપડ બજાર,
**અમદાવાદ**



શ્રી ત્રિકમલાલ ભૂધરદાસ પંચાલ
લાડોલ

[ ૫૩ ]



શ્રી ગોપાળભાઈ ત્રિભોવનદાસ પટેલ
ભટાસણ

[ ૫૪ ]



શ્રી ભગુભાઈ પ્રહલાદભાઈ પટેલ
બહુચરાજી

[ ૫૫ ]



શ્રી ઋષિકેશ મણીશંકર ઠાકર
કડી

[ ૫૬ ]

## ૫૫ શ્રી. ભગુભાઇ પ્રહ્લાદભાઈ પટેલ

વતન : **સીતાપુર** તા. : **વિરમગામ**

સંસ્થામાં અભ્યાસ : ૧૯૪૪ થી ૧૯૪૮

૧૯૪૪ થી ૪૮ સુધી પાંચમા ધોરણ સુધી અભ્યાસ કરી છોડી દીધો. અને ઈમારતી લાકડાં અને કાલાં-કપાસ-રૂના વહેપારના કુટુમ્બના ધંધામાં જોડાયા. બહુચરાજીમાં હરગોવિંદદાસ બહેચરદાસની મોટી અને જાણીતી પેઢીનું સંચાલન કરે છે.

સમાજ કલ્યાણની નાનીમોટી પ્રવૃત્તિઓમાં પણ સારો રસ ધરાવે છે અને સહાય કરે છે. ભૂદાન પ્રવૃત્તિમાં પણ કાર્ય કરે છે.

**બહુચરાજી**
[ ઉ. ગુ. ]

## ૫૬ શ્રી. હૃષીકેશ મણિશંકર ઠાકર

એલએલ. એમ. ( મુંબાઈ યુનિ. ) પ્રથમ નંબર

જન્મ તારીખ : ૧૭-૯-૧૯૨૨
વતન : કડી. * હાલ : નાગપુર

સંસ્થામાં અભ્યાસ : ૧૯૩૨ થી ૧૯૩૮

* ૧૯૩૯ માં મેટ્રીકની પરીક્ષા ડીસ્ટીંક્શન સાથે પાસ કરી. નાગપુર કૉલેજમાંથી ઈન્ટર આર્ટસ પ્રથમ નંબરે પાસ કરી. ૧૯૪૩ માં એલ. એલ. બી. સને ૧૯૫૨ માં એલ. એલ. એમ. મુંબાઇ યુનિવર્સિટીની પ્રથમ નંબરે પાસ કરી.

* ૧૯૪૩ માં નાગપુરમાં ડીસ્ટ્રીકટ કોર્ટમાં વકીલાત શરૂ કરી. આગળ વધી ૧૯૪૭ નાગપુર હાઈકોર્ટની સનદ મેળવી અને ૧૯૫૪ માં સુપ્રીમ કોર્ટ એડવોકેટની સનદ મેળવી વકીલાત શરૂ કરી. નાગપુર લૉ કૉલેજના પ્રિન્સીપાલ તરીકે પણ કેટલોક વખત કામ કરેલું.

* ધંધાર્થે નાગપુર રહેતા હોવા છતાં સંસ્થા સાથે સંપર્કમાં રહે છે. નાગપુરના જાણીતા વકીલ છે. અને ગુજરાતી સમાજની પ્રવૃત્તિઓમાં આગેવાની ભર્યો ભાગ લે છે.

ઈતવારી ચૉક, **નાગપુર**
[ મહારાષ્ટ્ર ]

## ૫૭ શ્રી. રામચન્દ્ર મણિશંકર ઠાકર

એમ. બી. બી. એસ.

એફ. આર. સી. એસ. (લંડન)

જન્મ તારીખ :- ૧૪-૨-૧૯૨૫

વતન— : **કડી,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— પાંચ વર્ષ

સને ૧૯૪૨ માં ૭૦% સાથે મેટ્રીક પાસ કરી. સને ૧૯૫૧ માં એમ. બી. બી. એસ. ની પરીક્ષા પાસ કરી અને નાગપુરમાં પ્રેકટીસ શરૂ કરી. ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ જઈને F. R. C. S. થઈ આવ્યા. શરૂમાં નાગપુરમાં પ્રેકટીસ કરી. હાલ ભાવનગરમાં સીવીલ સર્જનના હોદ્દા ઉપર છે.

સીવીલ હૉસ્પીટલ,
**ભાવનગર**

## ૫૮ શ્રી. ગોરધનદાસ શિવલાલ પટેલ

જન્મ તા. **સંવત ૧૯૬૭ શ્રાવણ વદ ૧૪**

વતન :— **સરઢવ,** તા. કલોલ

સંસ્થામાં અભ્યાસ :— બે વર્ષ

હાલમાં ધીકાંટા રોડ—અમદાવાદમાં સ્વતંત્ર રીતે 'રેસ્ટોરન્ટ' ચલાવે છે. તદુપરાંત રતનપોળના નાકે પૂર્ણિમા ગેસ્ટ હાઉસ ચાલે છે તેમાં ભાગીદાર છે. માણેકચોકમાં એક પેઢીમાં ઘણાં વર્ષોથી મુનીમ તરીકે પણ કામ કરે છે.

વાડજ રોડ—ઉસ્માનપુરા સામે,
અંબિકા સોસાયટી નં—૧૫,
**અમદાવાદ**



ડૉ. રામચંદ્ર મણીશંકર ઠાકર
કડી

[ ૫૭ ]



શ્રી ગોરધનદાસ શિવલાલ પટેલ
સરઢવ

[ ૫૮ ]



શ્રી દેશાઈભાઈ છબીલદાસ પટેલ
લાડોલ

[ ૫૯ ]



શ્રી નાથાલાલ રામદાસ પટેલ
ગોરાદ

[ ૬૦ ]

## ૫૯ શ્રી. દેસાઈભાઈ છબીલદાસ પટેલ

જન્મ તારીખ :- ૧૯-૧૦-૧૯૦૭

વતન :— **લાડોલ** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૧ થી ૧૯૨૬

મેટ્રીકની પરીક્ષા પસાર કરી આ સંસ્થામાં એક વર્ષ વ્યાયામ શિક્ષક તરીકે નોકરી કરી. ત્યાર પછી તેઓ આફ્રિકા ગયા અને ત્યાં એબીસીનીયાની રાજધાનીમાં ગુજરાતી બાલમંદિર સ્થાપી મુખ્ય શિક્ષક તરીકે પાંચ છ વર્ષ કામ કર્યું. સ્વદેશ પાછા આવીને લાડોલ એ. વી. સ્કૂલમાં સને ૧૯૩૫ થી ૧૯૪૬ સુધી મુખ્ય શિક્ષક તરીકે કામ કર્યું. હાલ તેઓ લાડોલ હાઈસ્કૂલમાં જ સંચાલનમાં અગ્ર ભાગ લઈ ઓફીસનું કામકાજ કરે છે.

**લાડોલ,**
તા. વિજાપુર

## ૬૦. શ્રી. નાથાલાલ (નથુભાઈ) રામદાસ પટેલ

જન્મ તારીખ :- ૫-૫-૧૯૨૭

વતન :— **ગોરાદ,** તા. ચાણસ્મા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૦ થી ૧૯૪૭ સુધી

ઈન્ટર કોમર્સ સુધી અભ્યાસ કરીને અભ્યાસ છોડી દીધો. ગોરાદ ગ્રામ-પંચાયતના મન્ત્રી તરીકે થોડા સમય માટે તેમણે કામ કરેલું. કેળવણીમાં પણ સારો રસ લે છે. તેઓશ્રી ગોરાદ જૂથ કેળવણી મંડળના ઉપપ્રમુખ છે તથા શાળા સમિતિના સભ્ય છે. તેઓશ્રી ધીણોજની મેસર્સ પ્રભુદાસ કાલિદાસની કોન્ટ્રાકટ પેઢીના ભાગીદાર હતા. હાલમાં પણ કોન્ટ્રેકટનો ધંધો કરે છે. તેઓશ્રીએ તેમના પિતાની સ્મૃતિમાં ગોરાદ મુકામે 'બાલમંદિર' તથા 'પુસ્તકાલય'નાં મકાન બંધાવેલ છે.

મુ. પો. **ગોરાદ**
તા. ચાણસ્મા, જી. મહેસાણા

## ૬૧ શ્રી. સોમાભાઇ વીરદાસ પટેલ

બી. એજી.

જન્મ તારીખ :– ૧–૮–૧૯૧૯

વતન :– **ટુંડાવ,** તા. સિદ્ધપુર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૩ થી ૧૯૩૯

સને ૧૯૩૯ માં તેઓ સંસ્થામાંથી પ્રથમ નંબરે મેટ્રીક પાસ થયા. કૉલેજનું પ્રથમ વર્ષ વડોદરામાં કરી વડોદરા રાજ્યની શિષ્યવૃત્તિ લઈ ખેતીવાડીના સ્નાતક—બી. એજી. ૬૦% ગુણ મેળવીને થયા.

સને ૧૯૪૩—૪૪ થી સરકારી નોકરીમાં જોડાયા. કચ્છમાં પાક સંશોધનના વડા તરીકે મુંબઈ રાજ્યમાંથી ઉછીની નોકરીની રીતે ગયા. અને યુનિયન પબ્લીક સર્વીસ કમિશનની પસંદગીથી તેઓ કચ્છના ખેતીવાડા ખાતાના વડા તરીકે તા. ૩—૧—૫૫ થી નિમાયા. હાલ તેઓ વડોદરા ખાતે ખેતીવાડી ખાતામાં કામ કરે છે.

ડેપ્યુટી એગ્રીકલ્ચર ઓફીસર,
**વડોદરા**

## ૬૨ શ્રી. ભોળાભાઈ સી. પટેલ

બી. એસ. સી. (ઑનર્સ) એલ. એલ. બી.
એડ્વોકેટ.

વતન :— **ગોઠવા,** તા. વિસનગર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૦ થી ૧૯૪૬ સુધી

તેઓશ્રી બી. એસસી. એલ. એલ. બી. એડવોકેટની ડીગ્રી ધરાવે છે.

સને ૧૯૫૩ માં વિસનગરમાં વકીલાતની શરૂઆત કરી. સાથે સાથે મેસર્સ પટેલ એન્ડ કું. ના નામથી કોન્ટ્રાકટનો ધંધો શરૂ કર્યો. દાંતીવાડા બંધમાં નહેરનું કામ તેમની કું. એ કરેલું છે.

કેળવણીક્ષેત્રે તેમને સારો રસ છે. કડવા પાટીદાર કેળવણી મંડળ—વિસનગર શાખાના મંત્રી તરીકે પણ તેમણે કામ કર્યું છે.

સરદાર સોસાયટી,
**વિસનગર**



શ્રી સોમાભાઈ વીરદાસ પટેલ
ટુંડાવ

[ ૬૧ ]



શ્રી ભોળાભાઈ ચતુરદાસ પટેલ
ગોઠવા

[ ૬૨ ]



શ્રી શિવાભાઈ હેમરાજદાસ પટેલ
વીરતા

[ ૬૩ ]



શ્રી છનાલાલ અંબાલાલ પટેલ
સિપોર

[ ૬૪ ]

## ૬૩ શ્રી. શિવાભાઈ હેમરાજદાસ પટેલ

જન્મ તારીખ :- ૧૦-૯-૧૯૧૭

વતન :— **વીરતા,** તા. ચાણસ્મા

આ સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૦ થી ૧૯૩૭ સુધી.

તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી હતા. આર્થિક પરિસ્થિતિને લીધે અભ્યાસ છોડવો પડયો.

મેટ્રીક પાસ થયા પછી મુલકી ખાતામાં નોકરી સ્વીકારી અને ધીરે ધીરે સર્કલ ઈન્સ્પેકટર સુધી પહોંચ્યા. 'ગામસેવક' ની તાલીમ પણ તેમણે લીધી છે. હાલમાં વિકાસ ઘટકમાં કામ કરી રહ્યા છે.

પબ્લીક સરવીસ કમીશન—ગુજરાત રાજય તરફથી સને ૧૯૬૩ માં લેવાએલી મુલકી ખાતાની રેવન્યુ કવોલીફાઈંગ (R. Q. E.) પરીક્ષા પસાર કરેલી છે.

**મુ. વીરતા,**
તા. ચાણસ્મા

## ૬૪. શ્રી. છનાલાલ અંબાલાલ પટેલ

બી. કોમ., એલ એલ. બી.

જન્મ તારીખ :- ૯-૧૧-૧૯૨૮

વતન :— **સિપોર,** તા. ખેરાળુ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૯ થી ૧૯૪૫

આ સંસ્થામાંથી સને ૧૯૪૫ માં પ્રથમ નંબરે મેટ્રીકની પરીક્ષા પસાર કરી. મુંબાઈની સીડનેહામ કૉલેજમાંથી બી. કૉમ. ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી. મુંબાઈ સેક્રેટરિયટમાં મહેસુલ ખાતામાં નોકરીની શરૂઆત કરી. એલ એલ. બી. ની પરીક્ષા પણ પાસ કરી અને મહેસાણામાં ટૅકસ પ્રેકટીશનર અને ધારાશાસ્ત્રી તરીકે સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. ધારાસભાની ચૂંટણીમાં તેઓ ખેરાળુ તાલુકામાંથી ૧૯૫૨ માં ઉભા રહેલા.

મહેસાણા જીલ્લા લોકલ બોર્ડના પ્રમુખ તરીકેની પ્રામાણિક સેવા, કુશળ કાર્યનીતિ અને જનતા પ્રત્યેની સાચી હમદર્દી જનતા કદી ભૂલી શકશે નહીં.

તેઓશ્રીનું યુવાન વયે તા. ૧૭—૧૨—૬૩ માં અવસાન થયું હતું.

**સિપોર**
તા. ખેરાળુ

## ૬૫ શ્રી. હરગોવિંદદાસ ભાયચંદદાસ પટેલ

જન્મ તારીખ :- ૩૧-૭-૧૯૨૫

વતન :— **રણુંજ,** તા. પાટણ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૮થી ૧૯૪૩ સુધી

કૉલેજમાં પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષા પાસ કરીને તેઓશ્રી કોલ્હાપુરમાં આવેલી પટેલ કેવળભાઈ કલ્યાણભાઈની પેઢીના છેલ્લાં બાર વર્ષથી ભાગીદાર છે.

સને ૧૯૬૩-૬૪ માં મુંબાઈમાં કલ્યાણ એન્જીનિયરીંગ કોર્પોરેશન નામથી થાણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણામાં એક કારખાનું ભાગીદારીમાં શરૂ કર્યું છે અને હાલ ત્યાં રહે છે.

C/o. ૭૧/૨ દીપક,
તીલક રોડ, ટી. પી. એસ. નં. ૩, ૬૦ ફુટ રોડ,
ઘાટકોપર (ઈસ્ટ)
**મુંબાઈ** ૭૭ (એ. એસ.)

## ૬૬ શ્રી. કેવળભાઈ ભાઈચંદદાસ પટેલ

જન્મ તારીખ :- ફાગણ સુદ ૧૧ સંવત ૧૯૭૦

વતન :— **રણુંજ,** તા. પાટણ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૬—૯૭

સને ૧૯૩૨ માં રણુંજની પટેલ કલ્યાણભાઈ ડોસાભાઈની પેઢીમાં ભાગીદારીમાં ધંધાની શરૂઆત કરી. વેપાર અર્થે અવારનવાર બીજા પ્રાંતોમાં જવાનું થતું તેથી તે ધંધાનો સારો એવો અનુભવ મેળવ્યો.

સને ૧૯૪૪ થી કોલ્હાપુરમાં ગોળના વહેપારી અને કમીશન એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે.

પોસ્ટ બોકસ ૧૮૧
પોસ્ટ શાહુપુરી, **કોલ્હાપુર** (મહારાષ્ટ્ર)



શ્રી હરગોવનદાસ ભાયચંદદાસ પટેલ
રણુંજ

[ ૬૫ ]



શ્રી કેવળભાઈ ભાયચંદદાસ પટેલ
રણુંજ

[ ૬૬ ]



શ્રી ઈશ્વરભાઈ ભાવસંગદાસ પટેલ
સેલા

[ ૬૭ ]



શ્રી શિવાભાઈ ખોડીદાસ પટેલ
ડરણ મોરવા

[ ૬૮ ]

## ૬૭ શ્રી. ઈશ્વરભાઈ ભાવસંગદાસ પટેલ

જન્મ તારીખ :- ૧૭-૮-૧૯૧૩

વતન :— **સેલા** જિ. અમદાવાદ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૯ થી ૧૯૩૩ સુધી

મેટ્રીકની પરીક્ષા પાસ કર્યા પછી છેલ્લાં વીસ વર્ષથી અમદાવાદ મ્યુ. કૉર્પોરેશન—દાણાપીઠમાં કારકૂન તરીકે કામ કરી રહ્યા છે.

૫૪૮/૧ તિલકપોળ, ગોમતીપુર,
**અમદાવાદ-૧૦**

## ૬૮ શ્રી. શિવાભાઈ ખોડીદાસ પટેલ

જન્મ તારીખ :- ૫-૭-૧૯૦૮

વતન :— **મોરવા,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૧ થી ૧૯૨૭ સુધી

તેઓએ કોવિદ, H. S. S.ની પરીક્ષાઓ પાસ કરી છે. ગાંધર્વ મહાવિદ્યાલય—નાસિકમાં તેમણે ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરીને સંગીત વિશારદની પરીક્ષા પાસ કરી છે. વાયોલીન, જલતરંગ અને હારમોનિયમની તેમને સારી ફાવટ છે. છેલ્લાં ત્રીસ વર્ષથી તેઓએ અમદાવાદમાં સંગીત શિક્ષક તરીકે કામ કર્યું.

• હાલમાં અમદાવાદમાં પોતાનું લોખંડ—લેથનું કારખાનું ચલાવે છે.

શાહપુર, નવી પોળ,
**અમદાવાદ**

## ૬૯ શ્રી. અંબાલાલ બબાભાઈ પટેલ

જન્મ તારીખ :– ૨૧-૯-૧૯૨૫

વતન :— **રાયસણ,** તા. દસક્રોઈ

તેઓશ્રી સાબરમતીના પટમાં બટાટાની ખેતી કરે છે. અમદાવાદમાં સને ૧૯૪૨ માં સ્થપાયેલા ધી પોટેટો ગ્રોઅર્સ કૉ-ઓપરેટીવ એસોસીયેશનના સભાસદ છે. તેઓ અમદાવાદ જિલ્લાના બટાટા ઉગાડનાર મોટા ખેડૂતોમાંના એક છે અને દર વર્ષે ત્રીસથી ચાલીસ હજાર મણ બટાટાનું ઉત્પાદન કરે છે.

સને ૧૯૫૪ થી ધી બોમ્બે મ્યુચ્યુઅલ લાઈફ એસ્યોરન્સ સોસાયટીમાં વીમા એજન્ટ તરીકે પણ કામ કરી રહ્યા છે.

'કિસાન' વિદ્યાનગર હાઈસ્કૂલ સામે,
**અમદાવાદ-૧૩**

## ૭૦ શ્રી. મણિલાલ ગોપાળદાસ પટેલ

જન્મ તારીખ :– ૧૫-૧૦-૧૯૨૧

વતન :— **લણવા,** તા. ચાણસ્મા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૫ થી ૧૯૪૨

મેટ્રીક પાસ કરીને બે વર્ષ તેમણે ધીણોજની અંગ્રેજી શાળામાં શિક્ષક તરીકે નોકરી કરી. ત્યાર બાદ કેળવણીનું ક્ષેત્ર છોડી દઈને વ્યાપારી ક્ષેત્રમાં ઝૂકાવ્યું. સંવત ૨૦૧૦ થી કોલ્હાપુરમાં સ્વતંત્ર રીતે ગોળના મોટા વહેપારી અને કમીશન એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે.

કોલ્હાપુરમાં ગુજરાતી મિત્રમંડળ તરફથી ચાલતી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના ઑનરરી સેક્રેટરી તરીકે પણ તેમણે સેવા આપી છે.

**કોલ્હાપુર,**
પોસ્ટ : શાહપુરી, (મહારાષ્ટ્ર)



શ્રી અંબાલાલ બબાભાઈ પટેલ
રાયસણ

[ ૬૯ ]



શ્રી મણીલાલ ગોપાળદાસ પટેલ
લણવા

[ ૭૦ ]



શ્રી ડાહ્યાભાઈ ધનજીભાઈ પટેલ
અંબાવપુરા

[ ૭૧ ]



શ્રી રમણલાલ ગોકળભાઈ પટેલ
શેરથા

[ ૭૨ ]

## ૭૧ શ્રી. ડાહ્યાભાઇ ધનજીભાઇ પટેલ

બી. એ. એલ એલ. બી.

વતન :— **અંબાવપુરા,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૩ થી ૧૯૪૪

તેઓ બી. એ. એલ એલ. બી. ની ડીગ્રી ધરાવે છે.

યુવક મિલન—અમદાવાદના માનદ મંત્રી તેમજ પ્રમુખ તરીકે તેમણે એક વર્ષ કામ કરેલું છે. અમદાવાદની સામાજિક તેમજ કેળવણીની સંસ્થાઓમાં તેઓ માનદ સેવા આપી રહ્યા છે.

હાલમાં અમદાવાદમાં વકીલાતનો ધંધો કરે છે.

અંબિકા હાઉસીંગ સોસાયટી, ઉસમાનપુરા,
**અમદાવાદ**

## ૭૨ શ્રી. રમણલાલ ગોકળદાસ પટેલ

જન્મ તારીખ :— ૭-૧૦-૧૯૧૯

વતન :— **શેરથા,** તા. કલોલ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૨ થી ૧૯૩૬

મેટ્રીક થયા પછી આર. સી. ટેકનીકલ ઈન્સ્ટીટયુટમાં ગવર્નમેન્ટ એપ્રેન્ટીસ સ્કીમ મુજબ ત્રણ વર્ષ સ્પીનીંગનો અભ્યાસ કર્યો છે.

હાલમાં તેઓ અમદાવાદની જાણીતી અંબિકા મીલ નં. ૧ માં આસિસ્ટન્ટ સ્પીનીંગ માસ્તર તરીકે કામ કરે છે.

હિન્દુ કૉલોની બંગલા નં. ૩૯
સરદાર સ્ટેડિયમ સામે—નવજીવન કૉલોની પાછળ,
નવરંગપુરા—**અમદાવાદ**

## ૭૩ શ્રી. બાબુલાલ હરગોવનદાસ પટેલ

જન્મ તારીખ :- ૧-૯-૧૯૨૯

વતન :— **શેખપુર,** તા. ખેરાળુ, જી. મહેસાણા

•

આ સંસ્થામાં અભ્યાસ સને ૧૯૪૫થી ૧૯૪૯ સુધી.

પ્રાથમિક અભ્યાસ શેખપુર ગામઠી શાળામાં. અંગ્રેજી અભ્યાસની શરૂઆત વડનગર એ. વી. સ્કૂલમાં. મેટ્રીક થયા બાદ વિસનગર કૉલેજમાં દાખલ થયા. ઈન્ટર આર્ટ્સમાં નિષ્ફળતા મળતાં અભ્યાસ છોડી દીધો અને પિતાનો ચાલુ વહેપારનો ધંધો સ્વીકારી લીધો.

હાલમાં કોલ્હાપુરમાં ગોળના કમીશન એજન્ટ તરીકે કામ કરે છે. છેલ્લાં પચીસ વર્ષથી કોલ્હાપુરમાં તેમની દુકાન ચાલે છે. આ સંસ્થાના વિદ્યાર્થી આશ્રમ માટે અંગત રસ લઈ વ્યાજબી ભાવથી ગોળ મોકલે છે.

C/o પટેલ હરગોવનદાસ અંબારામ
પોસ્ટ બોકસ નં.—૨૦૫
૬૧૨, શાહુપુરી—**કોલ્હાપુર** ( મહારાષ્ટ્ર )

## ૭૪ શ્રી. છોટાલાલ સોમનાથ પટેલ

જન્મ તારીખ :- ૭-૭-૧૯૩૩

વતન :— **મેર્ડા આદરજ,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૨ થી ૧૯૫૦ સુધી

એસ. એસ. સી. ની પરીક્ષા પાસ કર્યા પછી આ જ સંસ્થામાં કલાર્ક તરીકે કામ કર્યું. ગૂજરાત વિદ્યાપીઠમાં પણ કલાર્ક તરીકે નોકરી કરી છે. તેઓએ ધી ન્યુ હાઈસ્કૂલ, અમદાવાદમાં શિક્ષક તરીકે ૧૯૫૨ ના નવેમ્બરથી ૧૯૫૬ સુધી કામ કર્યું અને હાલ ધી ન્યુ હાઈસ્કૂલની જ શાખા એચ. બી. કાપડીયા ન્યુ હાઈસ્કૂલ—દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં કલાર્ક તરીકે કામ કરી રહ્યા છે.

વિજય કૉલોની, બંગલા નં. ૩
નવરંગપુરા—**અમદાવાદ-૧૩**



શ્રી બાબુભાઈ હરગોવનદાસ પટેલ
શેખપુર-વડનગર

[ ૭૩ ]



શ્રી છોટુભાઈ સોમનાથ પટેલ
મેડાઆદ્રજ

[ ૭૪ ]



શ્રી હરગોવિંદ કાળીદાસ મેવાડા
દેણપ

[ ૭૫ ]



શ્રી નારાયણલાલ સોમનાથ ગજજર
કડી

[ ૭૬ ]

## ૭૫ શ્રી. હરગોવિંદભાઈ કાળીદાસ મેવાડા

જન્મ તારીખ :- ૨૩-૧-૧૯૨૧ વતન :- દેણપ, તા. વિસનગર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૪ થી ૧૯૩૫ સુધી

મેટ્રીક પાસ થયા પછી વડોદરા કલાભવનની આર્કીટેકચરની ડીપ્લોમા પરીક્ષા પ્રથમ વર્ગમાં પ્રથમ આવી પાસ કરી.

અમેરિકાની કોરનલ યુનિ.—ઈથકા (ન્યુયોર્ક)ના તેઓશ્રી બેચેલર ઑફ આર્કીટેકચર છે. આ પરીક્ષા પણ પ્રથમ નંબરે પાસ કરેલી અને ચંદ્રક મેળવેલો. એ જ યુનિ. ના તેઓ 'માસ્ટર ઑફ આર્કીટેકચર થયા. યુનિવર્સીટી ઑફ ઈલીનોઈસમાંથી તેમણે 'માસ્ટર ઑફ સાયન્સ ઇન સીટી પ્લાનીંગ'ની માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરી.

તેઓ પોતાના ખર્ચે અમેરિકા ગયેલા પણ પાછળથી તેમની ઉજવળ કારકિર્દી જોઇ મુંબાઇ સરકારે તેમને સ્કોલરશીપ આપેલી એટલે તેઓ ગવર્નમેન્ટ સ્કોલર બન્યા.

તેમણે ચંદીગઢ કેપિટલ પ્રોજેક્ટ (પંજાબ)માં આર્ચીટેકટ તરીકે સુંદર કામ કરેલું છે. અને પછી ઉત્તર પ્રદેશ સરકારમાં આર્ચીટેકટ પ્લાનર તરીકે ચાર વરસ રહ્યા. આસામ સરકારમાં પણ ટાઉન પ્લાનર અને આર્ચીટેકટ તરીકે સારી કામગીરી બજાવી. ત્યાર પછી રાજસ્થાનમાં પણ તેજ હોદ્દા ઉપર જાન્યુઆરી ૧૯૬૫ સુધી કામ કર્યું.

હાલમાં તેઓ ગુજરાત રાજ્યના નવીન પાટનગર ગાંધીનગરના ચીફ ટાઉન પ્લાનર અને આર્કીટેકટ તરીકે કામ કરી રહ્યા છે.

Chief Town Planner-Architect,
Capital Project, Government of Gujarat,
Ahmedabad-6

## ૭૬ શ્રી. નારાયણલાલ સોમનાથ ગજ્જર

જન્મ તારીખ :- ૫-૯-૧૯૧૦

વતન :— કડી

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૦ થી ૧૯૨૩ સુધી

વડોદરા કલાભવનમાં આર્કીટેકચર કલાસમાં ચાર વર્ષનો કોર્સ કરી સને ૧૯૩૪ માં ડીપ્લોમા ઈન આર્કીટેકચર મેળવ્યો. સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટસનો આર્કીટેકચર લાઈનનો ડીપ્લોમા સને ૧૯૩૬ માં મેળવ્યો.

તેઓશ્રી કાલટેશ ઈન્ડિયા લિમિટેડ—મુંબઈમાં એન્જીનીયર તરીકે લગભગ ૨૮ વર્ષ સુધી કામ કરી નિવૃત્તી લઈ હાલમાં મુંબઈમાં સ્વતંત્ર પ્રેકટીસ કરે છે.

"ચંદ્રમણી" બીલ્ડીંગ, ૪૦, હનુમાન રોડ,
વિલે પારલે (પૂર્વ) મુંબઇ-૫૭ A. S.

## ૭૭ શ્રી. ભોળાભાઈ મોતીભાઈ પટેલ

જન્મ તારીખ : ૨૭-૩-૧૯૧૨
વતન : સરઢવ * તા. કલોલ

સંસ્થામાં અભ્યાસ : ૧૯૨૪ થી ૧૯૩૦

છ ધોરણનો અભ્યાસ આ સંસ્થામાં કરી સને ૧૯૩૧માં અમદાવાદમાંથી મેટ્રીકની પરીક્ષા પાસ કરી.

૧૯૩૨માં વડોદરા મેલ ટ્રેઈનીંગ કૉલેજમાં સિનિયરની પરીક્ષા પાસ કરી વડોદરા રાજ્યના કેળવણી ખાતામાં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયા. રાંધેજા ગુજરાતી શાળામાં શિક્ષક તથા હેડમાસ્તર તરીકે લાંબો સમય નોકરી કરી શાળાનો વિકાસ સાધવામાં અને ગામની કેળવણીની પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે.

**સરઢવ :** તા. કલોલ

## ૭૮ શ્રી. વાડીલાલ માણેકલાલ પટેલ

જન્મ તારીખ : ૧૪-૧-૧૯૨૬
વતન : વિરમગામ

સંસ્થામાં અભ્યાસ : અંગ્રેજી ધોરણ ચાર સુધી.

અભ્યાસમાં તેઓ તેજસ્વી હતા. અભ્યાસ છોડયા પછી શરૂઆતમાં વિરમગામમાં જ કરીયાણાની દુકાન શરૂ કરી. ધંધો વિકસાવવાના આશયથી તેમજ બહોળો અનુભવ લેવા અમદાવાદની જાણીતી કરીયાણાની જી. એમ. ગાંધીની પેઢીમાં બે વર્ષ નોકરી કરી. હાલમાં નવા માધુપુરા એસોસીએશનમાં દલાલીનું કામકાજ કરી રહ્યા છે.

શાહપુર, નવીપોળ - **અમદાવાદ**



શ્રી ભોળાભાઈ મોતીભાઈ પટેલ
સરઢવ

[ ૭૭ ]



શ્રી વાડીલાલ માણેકલાલ પટેલ
વિરમગામ

[ ૭૮ ]



શ્રી વિઠ્ઠલભાઈ જોઈતારામ મીસ્ત્રી
લાંઘણજ

[ ૭૯ ]



શ્રી વિશ્રામભાઈ શંકરલાલ પટેલ
લાંઘણજ

[ ૮૦ ]

## ૭૯ શ્રી. વિઠ્ઠલભાઈ જોઈતારામ મિસ્ત્રી

જન્મ તારીખ :- ૮-૪-૧૯૨૪ વતન :— **લાંઘણજ,** તા. મહેસાણા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૫ થી ૧૯૪૨

વડોદરા કલાભવનમાં તેમણે સ્થાપત્યકળાનો ચાર વર્ષનો અભ્યાસ કર્યો છે. તેમણે મધ્યપ્રદેશની સરકારના સિનિયર આર્કીટેકચરલ ડ્રાફ્ટસમેન તરીકે કામ કર્યું. રાજસ્થાનમાં કિસનગઢ સ્ટેટમાં કન્સલ્ટીંગ આર્કીટેકટ તરીકે કામગીરી બજાવી છે. કેન્દ્ર સરકારના પી. ડબલ્યુ. ડી. ખાતામાં આસી. આર્કિટેકટ તરીકે કામ કર્યું છે. અખિલ ભારતીય ધોરણે થયેલી હરીફાઈમાં Block of four Flats, Martyrs' Memorial–Patna; Hostel type Buildings અને A Small House વગેરે પુસ્તકો લખી દરેક ઉપર પહેલું અને બીજું ઈનામ મેળવેલું. છેલ્લે મધ્યસ્થ સરકારની Low Cost Housing Exhibition માં પ્રથમ વિજેતા તરીકે રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક મેળવ્યો છે.

૧૯૫૪ માં આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક આપલેમાં ભારત સરકાર તરફથી સ્કોલરશીપ મળતાં યુગોસ્લાવિયા જઈ આવ્યા અને ત્યાં સને ૧૯૫૬ માં Doctorate in Science in Architecture ની ડીગ્રી મેળવી.

તેઓએ Solar Energy Association, Phynix, Arizona માટે 'Solar House' અને કયુબાના 'Playa-de-Giron' માટેની હરીફાઈમાં ડીઝાઈનો મોકલી આપી હતી.

India 1954 Exhibition—દિલ્હીના આર્ચીટેકટ તરીકે તેમને જવાબદારી સોંપવામાં આવી હતી. World Agriculture Fair—નવી દિલ્હીમાં ભારતના મંડપ માટે તેમને ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો હતો.

હાલમાં સને ૧૯૬૨ થી ગુજરાત સરકારના આર્કીટેકટ તરીકે કામ કરી રહ્યા છે.

૩૧, ચૈતન્ય સોસાયટી, સરદાર સ્ટેડિયમ સામે, **અમદાવાદ**

## ૮૦ શ્રી. વિશ્રામભાઈ શંકરલાલ પટેલ

જન્મ તારીખ :- ૨૯-૬-૧૯૨૨

વતન :— **લાંઘણજ,** તા. મહેસાણા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૪ થી ૧૯૪૦

તેમને પહેલેથી જ વ્યાયામમાં રસ હતો. એને પરિણામે ત્રણ વખત મહેસાણા જિલ્લાના 'વ્યાયામ વીર' થયેલા. એફ. વાય. સાયન્સની પરીક્ષા પાસ કરી અભ્યાસ છોડી દીધો.

સને ૧૯૪૧ થી તેઓશ્રી શેઠશ્રી મફતલાલ ગગલભાઈની ધી સ્ટાન્ડર્ડ મીલ્સ કું. લી. (ન્યુ ચાઈના મીલ્સ) મુંબઈમાં આસીસ્ટંટ ફોલ્ડીંગ માસ્તર તરીકે કામ કરે છે.

તેમના પિતાશ્રી શ્રી શંકરભાઈ જેસંગદાસ પટેલે ગુજરાત ગોશાળામાં વર્ષો સુધી કામગીરી કરી તેના વિકાસમાં ઘણો ફાળો આપ્યો હતો.

૬૫/૨૮૩૦, ગાંધીનગર, વાંદરા (પૂર્વ)
**મુંબઈ-૫૧**

## ૮૧ શ્રી. મણિલાલ ધરમશીભાઈ પટેલ

જન્મ તારીખ :– ૫-૨-૧૯૧૩

વતન :— **બોરીસણા,** તા. કડી

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૪ થી ૧૯૨૯ સુધી.

મેટ્રીક પાસ થયા પછી શિક્ષણના ધંધામાં જોડાઇ ગયા. તેમણે તેમના ખાતાની ત્રીજા વર્ષની પરીક્ષા ઉપરાંત મોન્ટેસોરી અને કૃષિની પરીક્ષાઓ પાસ કરી છે. તેમાં તેમણે ઈનામ અને ચાંદ મેળવેલાં છે. ગામડાનાં બાળકોની કેળવણી વિષે થીસીઝ લખીને નૂતન બાલશિક્ષકની ઉપાધી મેળવી છે.

તેઓશ્રીને ઈતર પ્રવૃત્તિઓ જેવી કે—પુસ્તકાલય, બૉયસ્કાઉટ, રેડ ક્રૉસ, ધર્માદા દવાખાનું, વ્યાયામ અને સમાજ શિક્ષણમાં સારો રસ છે. તેમને આ ધંધામાં સુંદર કાર્ય બદલ ગામ તેમજ સરકાર તરફથી માનપત્રો, ચાંદ અને ઈનામ મળેલાં છે.

છેલ્લે કડી કુમાર શાળા નં.—૨ માં મુખ્ય શિક્ષક તરીકે કામ કર્યું છે. હાલમાં તેઓ મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિમાં એ. ડી. ઈ. આઈ : નિરીક્ષક : તરીકે કામ કરી રહ્યા છે. ક. પા. કે. ઉ. મંડળના વ્યવસ્થાપક મંડળમાં છેલ્લા પાંચ વર્ષથી સેવાઓ આપી રહ્યા છે.

સને ૧૯૬૧ ની વસતિગણતરીમાં વિશિષ્ટ કામગીરી કરવા બદલ નામદાર ભારત સરકારે સિલ્વર મેડલ તથા માનપત્ર એનાયત કરેલાં છે.

ઠે. નવાપુરા,
મુ. **કડી**

## ૮૨ શ્રી. મણિલાલ ગણેશદાસ પટેલ

જન્મ તારીખ:– ૪-૧૧-૧૯૧૨

વતન :— **ઉમતા,** તા. ખેરાળુ

સંસ્થામાં અભ્યાસ :— મેટ્રીક સુધી

મેટ્રીક થયા પછી રંગૂન ખાતેની પોતાના પિતાશ્રીની પેઢીમાં પંદર વર્ષ ગાળ્યાં. બીજું વિશ્વયુદ્ધ થતાં વતનમાં પાછા ફર્યા અને ઉમતાને જ પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું.

તેમણે કેળવણીની સંસ્થાઓમાં સારી સેવાઓ આપી છે. મૃત્યુપર્યંત તેઓશ્રી કેળવણી ઉત્તેજક મંડળ—ઉમતાના માનદ્ મંત્રી હતા. બીજી પણ સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં તેઓ ભાગ લેતા.

**ઉમતા**

તા. વિસનગર



શ્રી મણીલાલ ધરમશીભાઈ પટેલ
બોરીસણા

[ ૯૧ ]



શ્રી મણીલાલ ગણેશલાલ પટેલ
ઉમતા

[ ૯૨ ]



શ્રી ઉમેદભાઈ બહેચરભાઈ પટેલ
સિપોર

[ ૮૩ ]



શ્રી સોમાભાઈ લલ્લુભાઈ પટેલ
લાંઘણજ

[ ૮૪ ]

## ૮૫. શ્રી. બળદેવજી નથુજી દેવડા

જન્મ તારીખ :- ૧-૮-૧૯૨૧

વતન :— **લાડોલ,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૮ થી ૧૯૪૨

તેમણે મેટ્રીક અને એલ. એસ. જી. ડી. ની પરીક્ષાઓ પાસ કરી છે.

મેટ્રીક પાસ કર્યા પછી વડોદરા રાજ્ય વખતે મુલકી ખાતામાં કારકુન તરીકે તેમજ તમાકુ, ઈન્કમટેક્ષ તથા સપ્લાય ખાતામાં નોકરી કરી છે.

ઉત્તર ગૂજરાત રાજપૂત સમાજના માનદમંત્રી તરીકે તેમણે સેવા આપેલી છે. અત્યારે રાજપૂત બૉર્ડિંગ—વિસનગરના વ્યવસ્થાપક તરીકે સેવા આપી રહ્યા છે.

હાલમાં તેઓશ્રી વિજાપુર તાલુકા ગ્રામપંચાયતના ઑડીટર વ ઈન્સ્પેક્ટર તરીકે કામ કરી રહ્યા છે.

પંચાયત ઑડીટર,
**વિજાપુર**

## ૮૬ શ્રી. ત્રિભોવનદાસ દ્વારકાદાસ (હીરપુરાવાળા)

જન્મ તારીખ :- ૭-૧૦-૧૯૧૮

વતન :— **હીરપુરા,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૧ થી ૧૯૩૪

અભ્યાસ દરમ્યાન રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધેલો અને સાબરમતી જેલમાં જઈ આવેલા.

અભ્યાસ છોડી દીધા બાદ ગુજરાત હાઉસીંગ બોર્ડ પાસે આવેલી પોતાની ચાલીનો વહીવટ સંભાળવા લાગ્યા અને હાલમાં પણ સંભાળે છે.

હાલમાં તેઓ પોતાના વતનમાં—હીરપુરા તથા અમદાવાદ બંને સ્થળે રહે છે. ગામની પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લે છે અને ઘેર ખેતી પણ કરાવે છે.

તે ઉપરાંત ઊંઝા કન્યા છાત્રાલયની શરૂઆતમાં સંસ્થાને ચાલુ કરવા પોતાની દીકરીને ગુજરાતી ત્રીજા ધોરણથી છાત્રાલયમાં દાખલ કરી મેટ્રીક સુધી તે સંસ્થામાં રાખીને ભણાવી છે. હાલમાં પણ સંસ્થાના હિતમાં પ્રવૃત્તિ ચાલુજ છે.

મુ. પોસ્ટ **હીરપુરા**
તા. વિજાપુર



શ્રી બળદેવજી નથુજી દેવડા
લાડોલ

[ ૮૫ ]



શ્રી ત્રિભોવનદાસ દ્વારકાદાસ પટેલ
હીરપુરા

[ ૮૬ ]



શ્રી આત્મારામ કાનજીભાઈ
લાડોલ

[ ૮૭ ]



શ્રી જીવણલાલ લલ્લુભાઈ પટેલ
લાંઘણજ

[ ૮૮ ]

## ૮૭ શ્રી. આત્મારામ કાનજીભાઇ પટેલ

જન્મ તારીખ :- ૧-૮-૧૯૨૪

વતન :— **લાડોલ,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૧ થી ૧૯૪૪

તેઓ મુંબઇ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષા પાસ છે. તેમણે રેલ્વે લાઇન અંગેનો એક વર્ષનો ટેલીગ્રાફીનો અભ્યાસ કર્યો છે.

તેમને વાચનનો શોખ છે. સાથે સાથે લખવાનો પણ શોખ છે. તેઓશ્રી વેસ્ટર્ન રેલ્વેમાં બુકીંગ કલાર્ક તરીકે નોકરી કરે છે. રેલ્વેની નોકરી કરતાં કરતાં બહારથી પરીક્ષા આપીને તેઓએ ૧૯૬૦ માં બી. એ. ની પરીક્ષા પસાર કરી. ૧૯૬૨ માં ગુજરાતી મુખ્ય વિષય લઇને વિસનગરની એમ. એન. કૉલેજમાંથી એમ. એ. ની પરીક્ષા પસાર કરી. તેમણે લાડોલ—લાટપલ્લી નામનું પુસ્તક લખ્યું છે. સુવિધા મળતાં હજુ અભ્યાસમાં આગળ વધવાનો વિચાર ધરાવે છે.

બુકીંગ ઑફીસ, રેલ્વે સ્ટેશન,
**ઊંઝા,** જીલ્લો : મહેસાણા

## ૮૮ શ્રી. જીવણલાલ લલ્લુભાઈ પટેલ

જન્મ તારીખ :- ૨૨-૧-૧૯૧૪

વતન :— **લાંઘણજ,** તા. મહેસાણા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૪ થી ૧૯૩૦

તેઓશ્રીએ દક્ષિણામૂર્તિ—ભાવનગરની 'વિનીત' અને મોન્ટેસરી અધ્યાપન મંદિર—ભાવનગરની 'નવીન બાળ શિક્ષક' ની પરીક્ષાઓ પાસ કરી છે. તેમણે નવીન બાળપોથી ભાગ—૧, ૨ પ્રસિદ્ધ કરેલા—જેને મુંબઇ સરકારી કેળવણી ખાતાએ પાઠયપુસ્તકો તરીકે મંજૂર કર્યા હતા.

તેમણે શ્રી ગુજરાતી હાઈસ્કૂલ રંગૂનમાં શિક્ષક તરીકે ૨૨ વર્ષ કામ કર્યું છે. હાલમાં તેઓ કલોલ મ્યુનિસિપલ સુમન બાલમંદિરના આચાર્ય તરીકે કામ કરે છે.

૩૦ મજૂર કૉ-ઓ. હાઉસીંગ સોસાયટી,
ભારત વિજય મીલની પાસે,
મુ. **કલોલ** (ઉ. ગુ.)

## ૮૯ શ્રી. પ્રભુદાસ બહેચરદાસ પટેલ

બી. એસસી. એલ એલ. બી.

જન્મ તારીખ :- ૧૫-૭-૧૯૦૮

વતન :— **લાડોલ,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— છ વર્ષ સુધી

તેમણે ઉચ્ચ શિક્ષણ ગુજરાત કૉલેજ અને એલ. એ. લૉ કૉલેજમાં લીધું અને બી. એસસી. એલ એલ. બી. થયા.

તેઓ ધંધાર્થે રંગૂનમાં રહ્યા હતા. હાલમાં તેઓ લાડોલમાં રહે છે.

**લાડોલ,**
તા. વિજાપુર

## ૯૦ શ્રી. ચીમનલાલ મગનલાલ પટેલ

જન્મ તારીખ :- ૧૨-૩-૧૯૧૮

વતન :— **સરઢવ,** તા. કલોલ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૦ થી ૧૯૩૧

તેમણે મુંબઈ યુનિ. ની મેટ્રીકની પરીક્ષા પાસ કરેલી છે. અભ્યાસ કર્યા પછી શરૂઆતનાં પાંચ વર્ષ ઝવેરાતના ધંધામાં નોકરી કરી અને સારો અનુભવ લીધો.

તેઓ છેલ્લાં વીસ વર્ષથી રંગૂનમાં સ્વતંત્રપણે ઝવેરાતનો ધંધો કરે છે.

**સરઢવ,**
તા. કલોલ



શ્રી પ્રભુદાસ બહેચરદાસ પટેલ
લાડોલ

[ ૮૯ ]



શ્રી ચીમનલાલ મગનલાલ પટેલ
સરઢવ

[ ૯૦ ]



શ્રી ચીમનલાલ પ્રહલાદજી પટેલ
ગોઝારિયા

[ ૯૧ ]



શ્રી વિઠ્ઠલભાઈ ખોડીદાસ પટેલ
સેલાવી

[ ૯૨ ]

## ૯૧ શ્રી. ચીમનલાલ પ્રહ્લાદજી પટેલ

બી. એસસી. બી. ફાર્મ.

જન્મ તારીખ :- ૬-૧૨-૧૯૨૪

વતન :— **ગોઝારિયા,** તા. વિજાપુર

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૨ થી ૧૯૪૪ મેટ્રીક સુધી

તેઓ બી. એસસી; બી. ફાર્મ. ની ડીગ્રી ધરાવે છે.

બી. ફાર્મ. થયા પછી સને ૧૯૫૦ થી ૧૯૫૨ સુધી બોમ્બે હૉસ્પીટલ મુંબઈમાં 'લેબોરેટરી ટેકનીશીયન' અને 'બાયોકેમીસ્ટ' તરીકે કામ કર્યું.

ત્યારબાદ સ્વીટઝર્લૅન્ડની સીગાલ—હિંદ લિ. મુંબઈની કંપનીમાં 'મેડીકલ ડીટેઈલર' તરીકે પાંચ વર્ષ રહી અને ગુજરાત—સૌરાષ્ટ્રમાં કંપનીની દવાઓના પ્રચારનું કામ કર્યું. ત્યાર બાદ ઉપરોકત કંપની મેસર્સ નીઓ ફાર્મા. પ્રા. લી. મુંબઈમાં ભળી જવાથી પાછળ જણાવેલ કંપનીમાં ત્યારબાદ અને હાલ સીનીઅર રીપ્રેઝન્ટેટીવ તરીકે કામ કરી રહ્યા છે.

નજીકના ભવિષ્યમાં પોતાના બી. ફાર્મ. થયેલા બે ભાઈઓનો સાથ લઈ ફાર્માસ્યુટીકલ ફેકટરી ખોલી ધંધામાં ઝંપલાવવા ઈચ્છા રાખે છે.

પોતાના ગામની કેળવણી સંસ્થામાં અગત્યનો અને સક્રીય રસ લે છે.

૯, ગૌતમ વિહાર સોસાયટી, આશ્રમરોડ, ઉસ્માનપુરા,
**અમદાવાદ-૧૩**

## ૯૨ શ્રી. વિઠ્ઠલભાઈ ખોડીદાસ પટેલ

બી. કોમ.; એચ. ડી. સી.; જી. ડી. સી.

જન્મ તારીખ :- ૧૫-૮-૧૯૨૭

વતન :— **સેલાવી,** તા. ચાણસ્મા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૩ થી ૧૯૪૬ સુધી

તેઓ બી. કૉમ. એચ. ડી. સી., જી. ડી. સી. ની ડીગ્રી ધરાવે છે.

તેઓએ અમદાવાદ સેન્ટ્રલ કૉ-ઓ. બેન્કમાં સિનિયર ઈન્સ્પેકટર તરીકે કામ કર્યું. હાલમાં ૧૯૬૦ થી આ બેંકમાં મેનેજર તરીકે કામ કરે છે.

૪, વિજય કોલોની,
**અમદાવાદ-૧૩**

## ૯૩ શ્રી. બાબુભાઇ મણિલાલ પટેલ

બી. એ.

જન્મ તા. સંવત ૪૮ વર્ષ

વતન :— **કેરાળા,** તા. ધોળકા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૭ થી ૧૯૩૧

ગુજરાત કૉલેજ—અમદાવાદમાં અભ્યાસ કરી તેમણે બી. એ. ની ઉપાધિ મેળવી. તેઓશ્રી કસ્તુરભાઇ ગ્રુપની ધી અનિલ સ્ટાર્ચ પ્રોડકટસ લિમિટેડ, સેલ્સ ડીપાર્ટમેન્ટના એકઝીક્યુટીવ હેડ તરીકે છેલ્લા ૨૦ વર્ષથી કામ કરી રહ્યા છે.

૧૨૫, સરદાર પટેલ કોલોની—નવરંગપુરા
**અમદાવાદ**

## ૯૪ શ્રી. વાસુદેવ જેઠાલાલ પટેલ

જન્મ તારીખ :- ૩૩ વર્ષ

વતન :— **સરઢવ,** તા. કલોલ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૪૦ માં

અભ્યાસ છોડયા બાદ તરત જ 'ગાંધી સ્યુગર કૅન્ડી વર્કસ'—દરિયાપુર દરવાજા બહાર—અમદાવાદ શરૂ કર્યું. ધંધાનો બિલકુલ અનુભવ નહિ હોવા છતાં પોતાની ધગશ અને મોટાભાઇની પ્રેરણા ખૂબ જ ખપ લાગ્યાં. તેમનું આ કારખાનું સાકર, બૂરૂ, પતાસાં, રેવડી, પીપરમીટ, ચોકલેટ તથા ખાંડની અન્ય બનાવટો તૈયાર કરવામાં ગુજરાતમાં મોખરે છે.

૯૮, સરદાર પટેલ કૉલોની, નવરંગપુરા,
**અમદાવાદ**



શ્રી બાબુભાઈ મણીલાલ પટેલ
કેરાળા

[ ૯૩ ]



શ્રી વાસુદેવ જેઠાલાલ પટેલ
સરઢવ

[ ૯૪ ]



શ્રી કાળીદાસ ઝીણાભાઈ પટેલ
વામજ

[ ૯૫ ]



શ્રી જયંતિલાલ ભાઈલાલ પટેલ
સમી

[ ૯૬ ]

## ૯૫ શ્રી. કાળીદાસ ઝીણાભાઈ પટેલ

જન્મ તારીખ :- ૩૧-૭-૧૯૧૧

વતન :— **વામજ,** તા. કડી.

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૩ થી ૧૯૨૮

તેમણે મેટ્રીક સુધી અભ્યાસ કર્યો છે. ઉપરાંત સ્ટેનો-ટાયપીસ્ટ અને એકાઉન્ટન્સીનો અભ્યાસ કર્યો છે.

સને ૧૯૩૨ થી ૧૯૫૪ સુધી મુંબાઈમાં એમ. જી. ગ્રૂપની મીલોની હેડ ઑફીસમાં કામ કર્યું. ત્યાંથી નિવૃત્ત થઈ પોતાના વતનમાં રહે છે અને જાહેર જીવનમાં સક્રિય રસ લે છે.

તેઓ જીલ્લા લોકલ બોર્ડમાં બજેટ કમીટીના ચેરમેન હતા અને જીલ્લા પંચાયત મંડળમાં હાલમાં બાંધકામ સમિતિના ચેરમેન છે. કડી તાલુકા એગ્રી. માર્કેટ કમીટીના વાઈસ ચેરમેન છે. તેમના વતનની કેળવણીની સંસ્થામાં સક્રિય રસ લે છે અને બીજી સામાજીક પ્રવૃત્તિઓમાં સારો રસ ધરાવે છે. આ સંસ્થાની કારોબારીમાં પણ ઘણા વરસોથી સભાસદ છે.

મુ. પો. **વામજ**
વાયા—કલોલ (ઉ. ગૂ.)

## ૯૬ શ્રી. જયંતીલાલ ભાઈલાલભાઈ પટેલ

બી. એ.

જન્મ તારીખ :- ૨૪-૪-૧૯૧૭

વતન :— **સમી,** તા. સમી, જિ. મહેસાણા

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૩૨ થી ૧૯૩૮

બી. એ. થયા પછી રેવેન્યુ ખાતામાં પ્રોબેશનર તરીકે ૧૯૪૨ માં તેમની નિમણુંક થઈ. તેમણે મુજપુર મહાલમાં વહીવટદાર તરીકે અને રાધનપુર સ્ટેટના રેવન્યુ કમીશનરની ઑફીસમાં શિરસ્તેદાર તરીકે તેમજ સ્ટેટ વખતમાં વડાલી, ખેડબ્રહ્મા અને હિંમતનગર તાલુકાના મામલતદાર તરીકે હોદ્દો ભોગવ્યો હતો.

સને ૧૯૪૮ થી સાબરકાંઠા જિલ્લામાં કલેકટરની ઑફીસમાં આસી. ચિટ્નીસ તરીકે નોકરી કર્યા બાદ પંચમહાલ અને બનાસકાંઠા જીલ્લાઓમાં તાલુકા વિકાસ અધિકારી તરીકે નોકરી કર્યા બાદ હાલમાં તેઓશ્રી વિજાપુરમાં તાલુકા વિકાસ અધિકારી તરીકે કામ કરી રહ્યા છે.

તાલુકા વિકાસ અધિકારી,
**વિજાપુર**

## ૯૭ શ્રી. નરોત્તમદાસ કચરાભાઈ પટેલ

બી. એ. એલએલ. બી.

જન્મ તારીખ :- ૪-૫-૧૯૧૫

વતન :— **વિઠ્ઠલાપુર,** તા. વીરમગામ

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૭—૨૮

સને ૧૯૩૭ માં બી. એ. થયા અને નોકરી કરતાં કરતાં એલએલ. બી. સને ૧૯૩૯ માં થયા.

તેમણે બે વર્ષ ઉમેદવાર તરીકે નોકરી કરી અને ત્યાર બાદ કમીશ્નરની ઑફીસમાં નોકરીમાં જોડાયા. સાબરકાંઠાના પછાત વિસ્તાર વિજયનગર મહાલમાં પણ તેમણે મહાલકરી તરીકે અઢી વર્ષ નોકરી કરી અને ૧૯૯૩ માં નડીઆદ નાયબ સુબાના હોદ્દા ઉપર આવ્યા.

ત્યાર બાદ મહેસાણા પ્રાન્તમાં નાયબ સુબા તરીકે નોકરી કરી અને હાલમાં પોરબંદર પ્રાન્તના નાયબ સુબા—નાયબ સમાહર્તા તરીકે કામકાજ કરે છે.

પ્રાન્ત ઓફીસર, પોરબંદર

**પોરબંદર,** જીલ્લે જુનાગઢ (સૌરાષ્ટ્ર)

## ૯૮ શ્રી. રામલાલ ગુલાબદાસ પટેલ

વતન :— **કડી**

સંસ્થામાં અભ્યાસ :— સને ૧૯૨૩ થી ૧૯૨૬ સુધી

તેઓ કડીમાં જ પોતાની માલકીની 'પટેલ જેસંગદાસ ખોડીદાસ'ના નામની પેઢી ચલાવે છે. આ પેઢી દેશદેશાવરનું કમીશનનું કામકાજ અને સાથે સાથે કાલાં, કપાસ, અને ગોળનો વેપાર પણ કરે છે.

મૈસુર સ્ટેટમાં બેલારી શહેરમાં થોડાં વર્ષ ધંધાર્થે ગાળેલાં છે.

કેળવણી અને ધાર્મિક વિષયોમાં સારો રસ ધરાવે છે.

અમદાવાદી દરવાજા,

મુ. **કડી** (ઉ. ગુ.)



શ્રી નરોત્તમદાસ કચરાભાઈ પટેલ
પ્રતાપગઢ

[ ૯૭ ]



શ્રી રામલાલ ગુલાબદાસ પટેલ
કડી

[ ૯૮ ]



શ્રી નરોત્તમભાઈ મોહનલાલ પટેલ
સિપોર

[ ૯૯ ]



શ્રી અશ્વીનભાઈ નિકુળભાઈ શુક્લ
કડી

[ ૧૦૦ ]

## ૯૯ શ્રી નરોત્તમભાઈ એમ. પટેલ

બી. ઇ. (સીવીલ)

વતન : સિપોર * તા. ખેરાળુ

વિદ્યાર્થી આશ્રમમાં નિવાસ કરી સર્વ વિદ્યાલયમાં સાત વર્ષ અભ્યાસ કરી એસ. એસ. સી. પરીક્ષા પાસ કરી. વલ્લભ વિદ્યાનગરમાં અભ્યાસ કરી સીવીલ એન્જીનિયરીંગમાં બી. ઇ. ની ડીગ્રી પ્રાપ્ત કરી. હાલ મહેસાણામાં પટેલ એન્ડ ચૌધરીની સીવીલ એન્જીનિયરીંગની કન્સલ્ટીંગ એન્જીનિયર તથા આર્ચીટેકટની ફર્મ ભાગીદારીમાં ખોલીને ચલાવે છે. જીલ્લાના એક આગળ પડતા એન્જીનિયર ગણાય છે અને બાંધકામનાં મોટાં કામ કરે છે. આ સંસ્થાના પણ તેઓ એન્જીનિયર છે.

**પટેલ એન્ડ ચૌધરી**

કન્સલ્ટીંગ એન્જીનિયર તથા આર્ચીટેકટ

રાજમહેલ રોડ, : **મહેસાણા**

## ૧૦૦ અશ્વિનકુમાર નીકુળભાઈ શુકલ

જન્મ તારીખ : ૨૫-૮-૧૯૩૨

ઊંડી ફળી, * કડી

શ્રી સુમનભાઇના નામથી જાણીતા છે. માધ્યમિક શિક્ષણ પૂરું કરી, અમદાવાદમાં ઈન્ટર આર્ટસ્ સુધી અભ્યાસ કર્યો. એક વર્ષ સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે સેવા આપી. પિતાશ્રીનું મૃત્યુ થવાથી પોતાના જ સીનેમાના ધંધામાં જોડાયા અને ધંધાને વિકસાવ્યો.

એમના પિતાશ્રી કડી શહેરની અનેકવિધ પ્રવૃતિઓમાં રસ લેતા અને પોતાનો ફાળો આપે જતા. પોતે પણ કડી શહેરના કોન્ગ્રેસના મંત્રી, ખાદી ભંડારના પ્રમુખ; મજૂર સહકારી મંડળીના પ્રમુખ અને બીજી કડી શહેરની સાર્વજનિક પ્રવૃતિઓમાં હોદ્દેદાર તરીકે, કાર્યવાહક મંડળમાં રહી પોતાનો સમય આપી કાર્ય કરે છે. પોતાના જ્ઞાતિ મંડળમાં પણ ચેરમેન તરીકે રહી જ્ઞાતિ પ્રવૃતિમાં પણ પરોક્ષ રીતે મદદ કરે છે. અને જ્ઞાતિમાં પણ નાની ઉમ્મરે માન અને મોભો પ્રાપ્ત કર્યો છે. એ એમનામાં રહેલી સેવાવૃતિને આભારી છે. જનહિતની અનેકવિધ પ્રવૃતિઓમાં પોતાનાથી બનતો ફાળો આપ્યો છે.

**શ્રી કૃષ્ણ ટૉકીઝ**

સ્ટેશન રોડ, **કડી** (ઉ. ગુ.)

## ૧૦૧ શ્રી. રસિકલાલ વિઠ્ઠલદાસ ગામી

વતન : **પાટણ**

આ સંસ્થામાં મેટ્રીક સુધી અભ્યાસ કરી વડોદરા કલા ભવનમાં ફોટોગ્રાફી અને બ્લોક બનાવવાનો અભ્યાસ કર્યો.

અભ્યાસ કર્યા પછી થોડો સમય અમદાવાદમાં બ્લોક પ્રોસેસ સ્ટુડીયોમાં અનુભવ લઈને 'ગુજરાત પ્રોસેસ સ્ટુડીયો' નામનો પોતાનો સ્વતંત્ર સ્ટુડીયો ભાગીદારીમાં શરૂ કર્યો અને તેને સારી રીતે વિકસાવ્યો છે. તેમનો સ્ટુડીયો ખાડિયા ચારરસ્તા હરણવાળી પોળમાં આવેલો છે.

કીડીપાડાની પોળ,<br>શાહપુર<br>**અમદાવાદ.**

## ૧૦૨ શ્રી. અંબુભાઈ સોમનાથ પટેલ (કવિ)

બી. એ., બી. એડ., એસ. ટી. સી., એચ. એસ. એસ.

વતન : **વામજ** * તા. : **કડી**

મહેસાણા જીલ્લાના કડી તાલુકાના વામજ ગામે મધ્યમ વર્ગના ખેડૂત કુંટુંબમાં ૧૯૨૫ માં જન્મ. પ્રાથમિક શિક્ષણ વામજમાં અને માધ્યમિક શિક્ષણ કડીમાં મેળવ્યું. આપમેળે સ્વાવલંબી બની ઉચ્ચ અભ્યાસ કરી બી. એ. બી. એડ. થયા. હાલમાં વામજની હાઈસ્કૂલમાં ૧૭ વર્ષથી અધ્યાપક તરીકે કાર્ય કરે છે. છાત્રાલયમાં પંદર વર્ષથી ગૃહપતિ તરીકે સેવા આપી રહ્યા છે. ગામની શૈક્ષણિક પ્રવૃત્તિ અને સામાજિક કાર્યોમાં ઊંડો રસ ધરાવે છે. સાથે સાથે ખેડૂતો પ્રત્યે હમદર્દી છે. ગામની સહકારી મંડળીના ઘણાં વર્ષોથી પ્રમુખ છે. સમાજ સેવા અને શિક્ષણ એ પ્રમુખ વ્યવસાય સાથે સુધારાવાદી માનસ ધરાવતા હોઈ સામાજિક ક્રાન્તિકારી વલણ ધરાવે છે.

વામજની શૈક્ષણિક પ્રગતિમાં ઘણો નોંધપાત્ર ફાળો છે. કોઈપણ જાતના પક્ષપાતમાં ખેંચાયા વગર પોતાનું સ્પષ્ટ દૃષ્ટિબિંદુ રજુ કરવાનું કદીએ ચૂકતા નથી. માધ્યમિક શિક્ષણ સમયે એક હજારથી વધારે પુસ્તકોનું વાંચન કરેલું. હજી પણ આ પ્રવૃત્તિ ચાલુ છે.

**વામજ** : તા. કડી



શ્રી રસિકલાલ વિઠ્ઠલદાસ ગામી
પાટણ

[ ૧૦૧ ]



શ્રી અંબાલાલ સોમનાથ પટેલ
વામજ

[ ૧૦૨ ]



શ્રી પૂજાલાલ અંબાલાલ શાહ
બારિયા

[ ૧૦૩ ]



શ્રી ગાંડાલાલ ઈશ્વરલાલ પટેલ
કસલપુરા

[ ૧૦૪ ]

## ૧૦૩ શ્રી. પૂંજાભાઈ અંબાલાલ શાહ

બી. એસસી., બી. એડ.

જન્મ તારીખઃ– ૨૯–૨–૧૯૨૪

વતન :– **બારીઆ,** તા. નાંદોલ—દહેગામ

સંસ્થામાં અભ્યાસ :– ૧૯૩૩ થી ૧૯૩૮

આ સંસ્થામાંથી ૧૯૩૮ માં મુંબાઈ યુનિ. ની મેટ્રીકની પરીક્ષા પસાર કરી બરોડા કૉલેજમાં ૧૯૩૮ થી ૧૯૪૨ સુધી અભ્યાસ કરી પ્રથમ વર્ગમાં બી. એસસી. ની પદ્વી મેળવી અને શિક્ષણ ક્ષેત્રમાં જોડાઇ સને ૧૯૫૪—૫૫ માં એ. જી. ટીચર્સ કૉલેજ અમદાવાદમાંથી પ્રથમ વર્ગમાં બી. એડ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

શરૂમાં ૧૯૪૨ માં પ્રતાપ હાઈસ્કૂલ, ઇડરમાં શિક્ષક તરીકે જોડાઇ ત્યાં ૧૯૪૪ સુધી કામ કર્યું. ૧૯૪૪ થી ૧૯૫૮ સુધી શેઠ જી. સી. હાઇસ્કૂલ, પિલવાઈમાં અને ૧૯૫૮ થી ૧૯૬૧ સુધી સર્વ વિદ્યાલય, કડીમાં એમ સતત ૧૯ વર્ષ આ મંડળમાં શિક્ષક તરીકે કાર્ય કર્યુ. ૧૯૬૧ થી તેઓ રાજમાતા દેવકુંવરબા સાર્વજનિક હાઈસ્કૂલ—માણસાના આચાર્ય તરીકે કામ કરે છે.

રાજમાતા દેવકુંવરબા સાર્વજનિક હાઈસ્કૂલ
મુ. **માણસા**
તા. વિજાપુર

## ૧૦૪ શ્રી. ગાંડાલાલ ઈશ્વરલાલ પટેલ

જન્મ તારીખ :– ૨૨–૯–૧૯૩૩

વતન :– **કસલપુરા,** પોસ્ટ ઝોટાણા, તા. જી. મહેસાણા

પ્રાથમિક શિક્ષણ તેમણે કસલપુરાની કુમારશાળામાં લીધું. માધ્યમિક શિક્ષણ ધોરણ ૫ થી ૮ ઝોટાણામાં તે વખતની મીડલ સ્કૂલમાં લીધું. તે પછી આગળ અભ્યાસ કરવા કડી સર્વ વિદ્યાલયમાં દાખલ થઈ ધો. ૯ થી ૧૧ સુધીનો અભ્યાસ કર્યો અને સને ૧૯૫૩ માં એસ. એસ. સી. ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી.

ઝોટાણા બાજુના જાણીતા આગેવાન શ્રી રેવાભાઈ બેચરદાસના તેઓ ભત્રીજા થતા હોઈ એસ. એસ. સી. પછી તેમની ઝોટાણાની પેઢીમાં જોડાયા. અત્યારે તેમાં ભાગીદાર તરીકે વેપાર કરે છે.

તેમની અભ્યાસ દરમિયાનની કારકિર્દી એક તેજસ્વી વિદ્યાર્થી તરીકેની હતી. શાળાની તેમજ આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. સામાજિક સુધારામાં રસ ધરાવે છે. સ્વભાવે મિલનસાર છે.

મુ. **ઝોટાણા**
તા. મહેસાણા

## ૧૦૫ શ્રી લાલજીભાઈ નાથાલાલ સુથાર

જન્મ તારીખ : ૩૧-૧૨-૨૩

જન્મ સ્થળ :— **સરઢવ** : તા. કલોલ (ઉ. ગુ.)

અભ્યાસ :— મેટ્રીક સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ (૧૯૪૨)
ડીપ્લોમા સીવીલ એન્જીનીયરીંગ.

હાલમાં ગુજરાત રાજ્યના બાંધકામ ખાતામાં નાયબ બાંધકામ અધિકારી તરીકે સેવા આપું છું.

**લાલજીભાઈ ના. સુથાર**
૧૩, કલ્પના કો. હા. સોસાયટી,
નવરંગપુરા
**અમદાવાદ-૯**

## ૧૦૬ શ્રી અરવિંદકુમાર સોમચંદ પટેલ

વતન : **રાજપુર** * તા. : કડી

એસ. એસ. સી. પરીક્ષા સર્વ વિદ્યાલયમાંથી પસાર કરી ફર્સ્ટ ઈયર સાયન્સમાં બીજા વર્ગમાં પાસ થયા. પરંતુ કુટુમ્બના કાપડના ધંધામાં જોડાવાની જરૂર હોવાથી અભ્યાસ છોડી ધંધામાં જોડાયા.

હાલ તેઓ મેસર્સ અરવિંદકુમાર જયંતીલાલ પટેલની કંપની નામની કાપડની હૉલસેલની પેઢી ભાગીદારીમાં ચલાવે છે.

**અરવિંદકુમાર જયંતીલાલની કું.**
૬૭૬/૧૧ રેવડી બજાર—ક્રોસલેન
**અમદાવાદ-૨**



શ્રી લાલજીભાઈ એન. સુથાર
સરઢવ

[ ૧૦૫ ]



શ્રી અરવિંદકુમાર સોમચંદ પટેલ
રાજપુર

[ ૧૦૬ ]



**શ્રીમતી સરલાબેન રાવજીભાઈ અમીન**
અસલાલી : તા. દશક્રોઈ

[ ૧૦૭ ]



**સ્વ. નવનીતભાઈ માણેકલાલ પટેલ**
**કડી**

[ ૧૦૮ ]

## ૧૦૭ શ્રીમતી સરલાબેન રાવજીભાઈ અમીન

બી. એ.

અમદાવાદ જીલ્લાના ગામ દહેગામમાં શ્રી સરલાબહેનનો સને ૧૯૩૨ની સાલમાં અમીન કુટુમ્બમાં જન્મ થયો હતો. તેઓના પિતાશ્રીનું નામ શ્રી ચતુરભાઈ અમીન.

શિશુવયમાં પ્રાથમિક શાળાનો, અભ્યાસ દહેગામમાં પુરો કરી માધ્યમિક શિક્ષણ લેવા કડી આવ્યાં અને ત્યાં શ્રી સર્વ વિદ્યાલયમાં દાખલ થયાં. ભણવામાં ઘણાં જ તેજસ્વી અને ઉદ્યમવંત હોવાથી મેટ્રીક સુધીની પ્રત્યેક પરીક્ષાઓમાં પ્રથમ શ્રેણીમાં તેમનું સ્થાન હતું. એટલું જ નહીં; અનેક વખત તેઓએ "ગવર્નમેન્ટ ફ્રી શીપ—સ્કોલરશીપ" મેળવેલી હતી. સને ૧૯૫૧ની સાલમાં શ્રી સર્વ વિદ્યાલયમાં એસ. એસ. સી. ની પરીક્ષા પાસ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસાર્થે અમદાવાદ ખાતે ગુજરાત કોલેજમાં જોડાયાં. અને કોલેજ અભ્યાસ દરમ્યાન પણ તેઓનું સ્થાન પહેલાં જેવું જ તેજસ્વી હતું. અને બી. એ. ના વર્ગમાં ઈંગ્લીશ અને સાઈકોલોજી ( English & Psychology ) ના વિષયો લઈને સારા ગુણાંક મેળવી બીજી શ્રેણીમાં ઉત્તીર્ણ થયાં.

અભ્યાસ કાળ પુરો થયા બાદ, તેઓ કડી મુકામે સિવીલ - હોસ્પીટલની સલાહકાર સમિતિમાં સભ્યપદે હતાં. અને સને ૧૯૫૯ની સાલમાં કડી મ્યુનીસિપાલીટીમાં કોરપોરેટર તરીકે ચુંટાયા હતાં.

ચુનીભાઈ કોલોની,
સુરજ સદન, : કાંકરિયા
**અમદાવાદ - ૧૭**

## ૧૦૮ સ્વ. નવનીતભાઈ માણેકલાલ પટેલ

જન્મ તારીખ : ૧૩-૭-૩૩
વતન : કડી

સંસ્થામાં અભ્યાસ ૧૯૪૭ થી ૧૯૫૦

પિતા : માણેકલાલ છગનલાલ પટેલ L. C. P. & S.

માતા : અ. સૌ. ચંચળલક્ષ્મી માણેકલાલ

સને ૧૯૫૦ સુધી—મેટ્રિક સુધી કડીની સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં. ઈન્ટર સુધી અમદાવાદની એમ. જી. સાયન્સ ઈન્ડસ્ટ્રીટસ્ટ. ૧૯૫૨ માં સૂરત ઓચ્છવલાલ નાઝર આયુર્વેદિક મહાવિદ્યાલયમાં દાખલ થયા. હોંશિયાર વિદ્યાર્થી હોઈ પ્રિન્સિપાલ તથા પ્રૉફેસરોના પ્રિય, તેમજ સહાધ્યાયીઓમાં સ્નેહાળ મિત્ર તરીકે જાણીતા હતા.

સને ૧૯૫૫ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખે, પ્રાત:કાળે સાથીદારો સાથે, અધિક ( ભાદરવો ) માસની અમાવાસ્યાએ સૂરત પાસેના ફૂલપાડા ગામ નજીકના ઓવારે સ્નાન કરવા જતાં, અચાનક ડૂબી જવાથી એમનું કરુણ અવસાન થયું. આમ હોનહાર નવનીતભાઈનો જીવનદીપ અકાળે બુઝાઈ ગયો. એમના માનમાં ઓ. ના. આ. મહાવિદ્યાલયે એક દિવસ શિક્ષણકાર્ય સ્થગિત કરી, સહાનુભૂતિનો ઠરાવ, પ્રૉફેસરો તેમજ વિદ્યાર્થીઓની શોકસભા ભરીને કર્યો હતો.

સાબવાનો માઢ, મણીપુર
**કડી** [ ઉ. ગુ. ]

## ૧૦૯ શ્રી જોઈતારામ કીશોરદાસ પટેલ

વતન : ખાવડ * તા. : કડી

સને ૧૯૨૩ માં જન્મ. ૧૯૨૫ માં માતાનું અને ૧૯૩૧ માં પિતાનું અવસાન.

ગુજરાતી ૪ થી ચોપડી સુધી ખાવડમાં અભ્યાસ કરી પાંચમું અને છઠ્ઠું ડરણમાં ભણ્યા.

સને ૧૯૩૬-૩૭ માં કડીમાં વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલયમાં દાખલ થઈ અંગ્રેજી પાંચ ધોરણનો (હાલનું ૯મું) અભ્યાસ કરી કૌટુમ્બિક પરિસ્થિતિને કારણે અભ્યાસ છોડી દીધો.

સને ૧૯૫૨ માં મહેસાણા જીલ્લા લોકલ બોર્ડમાં બિનહરીફ ચૂંટાયા. ફરી પણ હરીફાઈ કરી સારા મતે ચૂંટાયા હતા.

પટેલ ભૂવન, કડીના મંત્રી છે ખાવડની શક્તિ હાઈસ્કૂલના પણ મંત્રી છે. આ સંસ્થામાં પણ તેઓ રસ ધરાવે છે અને તેની કારોબારીમાં પણ છે.

ખાવડ : તા કડી

## ૧૧૦ શ્રી સોમાભાઈ નરોત્તમદાસ પટેલ

(સાંખે ગામી)

વતન : કંથરાવી * તા. પાટણ

જન્મ તારીખ : ૨૭-૩-૧૯૩૪

ધોરણ ૪ સુધીનો અભ્યાસ વતનમાં કરી ૧૯૪૭ થી ૧૯૫૪ સુધી પાંચમાં ધોરણથી એસ. એસ. સી. સુધી વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલય કડીમાં અભ્યાસ કરી ૧૯૫૪ માં એસ. એસ. સી. પાસ કરી.

ત્યાર પછી બે વર્ષ પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરી અને ૧૯૫૭ થી પોસ્ટ અને ટેલીગ્રાફ ખાતામાં ટેલીફોન ઓપરેટર તરીકે કામ કરે છે.

અભ્યાસકાળ દરમિયાન આશ્રમના વિદ્યાર્થી વસ્તુભંડારમાં કામ કરતા હતા.

કંથરાવી : તા. પાટણ



શ્રી જોઈતારામ કિશોરદાસ પટેલ
ખાવડ

[ ૧૦૯ ]



શ્રી સોમાભાઈ નરોત્તમદાસ પટેલ
કંથરાવી

[ ૧૧૦ ]



શ્રી અંબાલાલ સોમાભાઈ પટેલ
રૂપાલ

[ ૧૧૧ ]



ડૉ. ભૂધરભાઈ એસ. પટેલ
કડી

[ ૧૧૨ ]

## ૧૧૧ શ્રી. અંબાલાલ સોમાભાઈ પટેલ

બી. એસસી. ( ઑનર્સ )

બી. એડ. ( બીજો વર્ગ )

જન્મ તારીખ : ૬-૯-૧૯૨૬

વતન :— રૂપાલ; તા. કલોલ

સર્વ વિદ્યાલય કડીમાંથી ૧૯૪૬ માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી બરોડા કૉલેજમાંથી ૧૯૫૦ માં બી. એસસી. ( ઓનર્સ ) પાસ થયા.

૧૯૫૦ થી ૫૫ સુધી સર્વ વિદ્યાલય કડીમાં શિક્ષક તરીકે કામ કર્યું. ૧૯૫૫ થી આ મંડળ સંચાલિત નવીન સર્વ વિદ્યાલય – વડનગરમાં આચાર્ય તરીકે કામ કરે છે. કરકસરયુક્ત વહીવટ અને સહકારની ભાવનાથી વડનગરની શાળાને સ્થિર અને પગભર બનાવી છે.

માધ્યમિક શિક્ષણ ક્ષેત્રનાં મંડળોમાં આગળ પડતો રસ લે છે. જીલ્લા વ્યાયામ મંડળના મંત્રી તરીકે ઘણા વર્ષોની સેવા આપી છે.

નવીન સર્વ વિદ્યાલય
કુમેરવાડી
વડનગર ( ઉ. ગુ. )

## ૧૧૨ ડૉ. ભૂધરભાઈ સેંધાભાઇ પટેલ

આર. એમ પી.

વતન : કડી ( ઉ. ગુ. )

તેઓ કડીમાં પોતાનું સ્વતંત્ર દવાખાનું ચલાવી પ્રેકટીસ કરે છે. જાત મહેનત અને આગળ વધવાના ખંતીલા સ્વભાવથી સ્વપ્રયત્ને તેઓ આગળ આવ્યા છે. અને ધંધામાં સારી ચાહના મેળવી છે.

કડીની જાહેર પ્રવૃત્તિઓમાં તથા સહકારી મંડળીના કામકાજમાં સારો રસ ધરાવે છે.

દવાખાનું : ગંજબજાર
કડી ( ઉ. ગુ. )

અવસાન નોંધ

રસિકલાલ છો. પરીખ ૮૪-૮૫

પોપટલાલ પુ. પરીખ ૮૬-૮૭

હરગોવિંદદાસ પ. ૧-૩-૮૨

રામચંદ્ર જ. અમીન જ.તા. 20-10-18૯4

અવસાન ૨૪-૬-૭૫

નગીનચંદ્ર મહારાજ 30-૮-૫૫

ઉમાશંકર જોશી ૯-૫-૪૩

સર્વવિદ્યાલય

કડી

પાટીદાર મુદ્રણાલય, કડી